| Vol. 3 | Issue 16 | Mumbai | January - 2013 | Rs. 25/- | Pages :36

# પ્રાણપુષ્પ

# PRANPUSHPA



## તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ

## ॥ શ્રી રતિલાલજી મહારાજ સાહેબનો જય હો ॥

# Wishing

*you a year of*

03 - 13 yrs
25 - 35 yrs
9867022208

**જ્ઞાન આરાધના - બાળકો માટે**
અઠવાડીયામાં એક દિવસ - બે કલાક
- જૈન ધર્મના સંસ્કાર સાથે સર્વાંગી વિકાસ

**જ્ઞાન અનુમોદના - દીદીઓ માટે**
અઠવાડીયામાં ત્રણ દિવસ - ત્રણ ત્રણ કલાક
- બાળકોને આજના ઉપાસક અને ભાવિના ભગવાન બનાવવા જ્ઞાન સંસ્કારનું સિંચન.

13 - 50 yrs
9867622002

**માનવતા - જીવદયા યંગસ્ટર્સ માટે**
અઠવાડીયામાં એક દિવસ-ત્રણ કલાક
- દેવ-ગુરુ-ભક્તિ,
- પસ્તી કલેકશન,
- માનવતા જીવદયાની સેવાકીય પ્રવૃતિ-કેમ્પ આદિનું આયોજન,
- ગુરુ દર્શન એવમ્ માર્ગદર્શન.

Any Age Group
ARHAM SATSANG
9833448149

**ગુરુ જ્ઞાનવાણીથી સમૃધ્ધ બનવું**
પંદર દિવસે એક વખત - એક કલાક
- પૂ. ગુરુદેવ સાથે કનેકટેડ રહેવું.
- પ્રવચનોની ડી.વી.ડી.નું શ્રવણ કરી જ્ઞાન પ્રાપ્તિ-જ્ઞાન સાધના કરવી.
- મુંઝવતા પ્રશ્નોનું સમાધાન મેળવવું.
- ચર્ચા અને ચિંતન દ્વારા આત્મચેતનાને જાગૃત કરવી.

Any Age Group
(Male) 9821106360
9833598481 (Female)
શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ

**મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર જપ સાધના**
પંદર દિવસે એક વખત - એક કલાક
- પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ સ્મરણ,
- આધિ, વ્યાધિ અને ઉપાધિ નિવારક પરમાત્મન્ ભક્તિ,
- સમૂહ ઉપસર્ગ નિવારવા સમૂહ જપ સાધના,
- સાધના સાથે સેવાની પ્રવૃત્તિ.

PARASDHAM PAWANDHAM

**ધર્મ સ્થાનકમાં સેવાની પ્રવૃતિ**
૨૦-૫૦ વર્ષ અને કોઇપણ ક્ષેત્રના અનુભવીઓ માટે
દરરોજ અથવા અઠવાડિયાના નિશ્ચિત સમયે
મેનેજમેન્ટ, સુપરવીઝન, સફાઈ, સેલ્સ, એકાઉન્ટસ, એડમિનિસ્ટ્રેશન, સ્પીરીચ્યુઅલ શોપ, સિધ્ધ પીઠિકા, I.T. ડીપાર્ટમેન્ટ, ઓડીયો-વીઝ્યુઅલ, ગ્રાફીક્સ, એનિમેશન, ચેનલ પ્રસારણ એડીટીંગ, સંપાદક, આર્ટીકલ્સ રાઈટીંગ, ટ્રાન્સલેટર-ગુજરાતી, હિન્દી, ઇંગ્લીશ, સીનીયર સીટીઝન ગ્રુપ માટે પ્રવૃત્તિઓ, ઈવેન્ટ મેનેજર, સાધુ-સંતોની વૈયાવચ્ચ.

## 2013 ના નૂતન વર્ષને

જાન્યુઆરીથી ડિસેમ્બર એક પછી એક મહિના પસાર થાય અને બાર મહિના પૂરા થતાં જ ફરી નવા વર્ષનું મંગલ પ્રભાત ઊગે.!

આખું વર્ષ, સુખ-શાંતિ-સફળતા અને સમૃધ્ધિ સાથે મંગલમય પસાર થાય એની શુભ ભાવના અને મંગલ પ્રાર્થના સાથે સહુ નવા વર્ષનું સ્વાગત કરે.

2013 ના નૂતન વર્ષને નૂતન સંકલ્પ સાથે વધાવો.

એક નવો પ્રયોગ કરો.

એક અનન્ય અનુભવ કરો.

તમારી પાસે જે કાંઇ પણ છે, તમારું તન, મન, ધન, સમય, સંપત્તિ, શક્તિ, કલા કૃતિ, વિચારો... એનો સત્કાર્યમાં સદ્ઉપયોગ કરો અને પછી અહેસાસ કરો અનન્ય શાંતિ, આત્મસંતોષ અને અલૌકિક સુખનો !

તમને કદાચ વિચાર આવશે, ઇચ્છા તો અમારી છે, પણ જવું ક્યાં અને કરવું શું ?

તમારી ભાવનાને પૂરી કરવા અમારી પાસે પ્લેટફોર્મ તૈયાર જ છે.

વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રીના હિતેચ્છુ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના યુગ ઉપારક મિશન્સ્ !

એમના અનેક મિશન્સ્માંથી આપ કોઇપણ એક મિશનમાં જોડાઇ શકો છો. સેવારૂપ સત્કાર્ય દ્વારા સિધ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી શકો છો.

તમારી પાસે ભલે બે કલાક જ ફ્રી હોય. એ સમયને પણ સંસારની પ્રવૃત્તિઓ કે વ્યર્થ

**પારસધામ - મુંબઇ • રાજકોટ • કોલકત્તા પાવનધામ - મુંબઇ • વડોદરા**
**Contact: 9819 576 757 / 9322 237 669**

# Seva Sadhana Serenity

## નૂતન સંકલ્પ સાથે વધાવીએ

વિચારોમાં વ્યતિત ન કરતાં સેવા અને સત્કાર્યમાં વાપરી મળેલાં દુર્લભ માનવભવને સાર્થક કરી લ્યો.

સેવા માટે વાપરેલી એક એક ક્ષણ સફળ જ હોય છે. સેવા અને સત્કાર્યનાં વપરાયેલા સમય, શક્તિ અને સંપત્તિ ક્યારેય નિષ્ફળ ન જાય.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના મિશન્સ્માં જોડાયેલાં હજારો સેવાભાવીઓનો આ સત્ય અનુભવ છે.

એક કલાકથી સેવા આપવાનું શરૂ કરનાર આજે ગુરુકૃપાથી પ્રેમથી પાંચ કલાક સેવા કરે છે અને 2% સંપત્તિનું દાન શરૂ કરનારા આજે 20% દાન કરતાં થઇ ગયા છે. કેટલાંય પોતાની આંતરિક શક્તિ ખીલવી પ્રગતિ કરતાં કરતાં સફળતાના શિખિરે પહોંચ્યા છે. આજ છે સેવાની ફળશ્રુતિ... અહીંયા અને આજ ભવમાં...!

નૂતન વર્ષે સેવાનો સંકલ્પ કરો અને આખું વર્ષ મનવાંછિત સફળતા મેળવો.

તમે દિવસમાં/ અઠવાડિયામાં ક્યારે, ક્યા દિવસ, કેટલાં કલાક સેવા આપવા ઇચ્છો છો ? તમારી પાસે કઇ આર્ટ અને એબીલીટી છે ? સર્વ વિગત તમારા નામ, એડ્રેસ, ફોન નંબર, ફોટો અને ઇમેઇલ આઇડી સાથે અમને મોકલો.
**seva@ parasdham.org**

વધુ વિગત માટે અમારા પ્રતિનિધિઓનો પ્રેમથી નિ:સંકોચ સંપર્ક કરો.

સેવાના સત્કાયમાં જોડાઓ. ગુરુકૃપાથી ન ધારેલું ન કલ્પેલું... બધું જ મેળવો અને અનુભવો.

### Dharm Shravan — 25 - 50 yrs — 9323930342

**જ્ઞાન સમજથી જ્ઞાન પ્રાગટ્ય** (બહેનો માટે)
અઠવાડીયામાં એક વાર - એક કલાક
- પૂ. ગુરુદેવ પાસે ટ્રેઈન થયેલાં દીદી દ્વારા જ્ઞાનની સમજ,
- જૈન ઉપદેશ ગ્રંથ આગમ આધારિત મહાન આત્માઓના જીવન કવન,
- જૈન ધર્મના વિવિધ વિષયોનું વિશ્લેષણ,
- ન સમજાતા પ્રશ્નોનું સમાધાન.

### Shasan Prabhavak — 25 - 50 yrs — 9969310718

**ધર્મ પ્રભાવના**
- પૂ. ગુરુદેવના માર્ગદર્શન મુજબ પર્યુષણના આઠ દિવસ ભગવાન મહાવીરના ધર્મને દેશ-પરદેશના જન-જન સુધી પહોંચાડવાનું અભિયાન,
- ધર્મ પ્રભાવના દ્વારા શાસનની સેવા કરવાનો અપૂર્વ અવસર.

### Guru Spandan — 20 - 50 yrs — 9830042105

**ભક્તિની અભિવ્યક્તિ**
દરરોજ અથવા અઠવાડિયાના નિશ્ચિત સમયે
- સૂર અને સંગીત દ્વારા દેવ-ગુરુ પ્રત્યેના ભાવોને વ્યક્ત કરવા,
- ગીત, દોહા આદિ લખવા, સંપાદન કરવા,
- ભક્તિ મહોત્સવના પાવન અવસરની શોભા...

### Jain Aagam Mission — 13 - 50 yrs — 9223314335

**જૈન આગમ ઈંગ્લીશ અનુવાદ**
- જૈનધર્મના ઉપદેશ ગ્રંથ 'આગમનુ' ઈંગ્લીશમાં અનુવાદ કરવાનો મેગા પ્રોજેકટ, અનુભવી, જ્ઞાની, વિદ્વાન પંડિત ટ્રાન્સલેશન માટે,ગ્રાફિક ડીઝાઇનીગ, આગમ પ્રુફ રીડીંગ, આગમ પ્રચાર, સર્જનાત્મક વિચાર, ઈંગ્લીશ ટાઇપીંગ.

**Forthcoming Missions**

## Reason N Vision

## Sambodhi Group

**Visit to our websites:-**
**www.parasdham.org, www.arhamyuvagroup.org, www.looknlearn.in, www.jainaagam.org**
**Watch Live Telecast of Pujya Gurudev:- www.youtube.com/parasdhamtv**



# પ્રાણપુષ્પ
PRANPUSHPA

# +જૈન ક્રાંતિ




પ્રેરક: રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

**વર્ષ:** 13 **સળંગ અંક:** 148 ◆ **કુલ પાના:** 32+4 ◆ **છૂટક કિંમત:** ` 25 ◆ **તા.** 05-01-2013 શનિવાર.

**આજીવન લવાજમ:** ` 2500 ◆ **બે વર્ષ:** ` 500 ◆ **પરદેશનાં વાર્ષિક:** ` 2500 ◆ **આજીવન:** ` 20000

**પૂર્વ તંત્રી:** શ્રી અશોકભાઈ પટેલ - શ્રી રસિકભાઈ પારેખ ◆ **માનદ્તંત્રી:** શ્રી જયભાઈ દેસાઈ - શ્રી દિપકભાઈ ભાયાણી
**સંપાદક:** શ્રી પ્રતિમાબેન બદાણી - શ્રી સંગીતાબેન શાહ


**પ્રિય વાચક વર્ગ,**

જૈન સમાજનું નિડર મુખપત્ર માસિક જૈનક્રાંતિ વર્ષો સુધી રાજકોટના આદરણીય સુશ્રાવક વર્ય શ્રી રસિકભાઈ પારેખે ચલાવ્યા બાદ અમોને સુપરત કરતા આ અંકથી પ્રાણપુષ્પ અને જૈન ક્રાંતિ સંલગ્નરૂપે પ્રકાશીત કરતાં આનંદ અનુભવીએ છીએ.

રાજકોટ જૈન સમાજમાં આગવું સ્થાન ધરાવતાં શ્રી રસિકભાઈ પારેખે વર્ષો સુધી જૈન સમાજને જાગૃત રાખવાના પ્રયત્નરૂપે જૈનક્રાંતિ માસિક પ્રગટ કરી જૈન શાસનની અણમોલ સેવા કરેલ છે. શ્રાવક રત્ન શ્રી મનોજભાઈ ડેલીવાલાના પ્રયત્નોથી હવેથી પ્રાણપુષ્પ સંલગ્ન જૈનક્રાંતિ પ્રગટ થશે.

શ્રી દિપક ભાયાણી
શ્રી જય દેસાઈ

## સહયોગ આપનો સેવા અમારી

**અમે આપના સુધી સુંદર પ્રિન્ટીંગ, સ્વચ્છ-આકર્ષક કાગળો અને સમયસર પ્રાણપુષ્પ - જૈનક્રાંતિ પહોંચાડવાનો પ્રયત્ન કરીએ છીએ. તેમાં સહકાર અમોને ઉદારદિલ શ્રેષ્ઠીવર્યોનો મળતો રહ્યો છે. આપ સર્વેને અમે વિનંતિ કરીએ છીએ ભવિષ્યમાં આવો જ સહયોગ આપતા રહેશો.**

### : પ્રાણપુષ્પ પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :

શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન), શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા), મહાવીર ટેકસટાઈલ (કોલકતા), વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા), મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા), યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા), સ્વપનીલ શાહ (ઘાટકોપર), ગુરુભકત પ્રણયભાઇ મહેતા (ઘાટકોપર), પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા), કલ્પના ગીરીશ દેસાઇ (પાર્લા), લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી), ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ), હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા), પ્રીતિ કાર્ડસ્ (વડોદરા), ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા), શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત), હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર).

**CHQ / DD should be in the favour of SHREE UVASSAGAHAR SEVA MANDAL**


## Rates of Your Advertisement in our Magazine

**Pranpushpa Vikas Data (Strip on Editorial Page)**
**For 1 Issue 51,000/-**

**INNER COLOUR PAGES (CMYK)**

| | MONTHLY | YEARLY |
|---|---|---|
| (a) Title page(2/3) | 10,000/- | 1,10,000/- |
| (b) Full page | 9,500/- | 90,000/- |
| (c) Half page | 4,500/- | 51,000/- |
| (d) Quarter page | 3,100/- | 29,500/- |

**Contact : Bina Doshi - 989 215 2658**



પૂ. ગુરુદેવના વિહાર સમાચાર જાણવા સંપર્ક: 09860905678

**પારસધામ:** વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. ફોન : ૦૨૨-૩૨૦૪૩૨૩૨

Website : www.parasdham.org • E-mail : pranpushpa@yahoo.com • parasdham108@gmail.com • gparasdham@yahoo.com

# પરિવર્તનની પગદંડીએ

દેશ-વિદેશમાં વસતાં હજારો ગુરુ ભકતોને ગુરુ સાંનિધ્યની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવતું અને જ્ઞાનપુષ્પોને મહેકાવતું 'પ્રાણપુષ્પ' માસિક સમયે સમયે પરિવર્તનને પામી પ્રગતિની પગદંડી સર કરી રહ્યું છે. છેલ્લા ઘણાં સમયથી 'પ્રાણપુષ્પ' ને આપણે એનાં સુંદર અને આકર્ષક રૂપમાં પરિવર્તિત થતાં જોઈએ છે. અન્ય ક્ષેત્રોની જેમ પ્રિન્ટ મિડીયા પણ આજે આધુનિક બનતું જાય છે જેના પગલે પ્રાણપુષ્પને પણ આધુનિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

'પ્રાણપુષ્પ' ના આ બદલાયેલા સ્વરૂપ બદલ અમને દેશ-વિદેશનાં અનેક વ્યુઅર્સનાં પોઝીટીવ રિસ્પોન્સ મળી રહ્યાં છે. 'પ્રાણપુષ્પ' આજ દિન સુધી અનેકોને માટે એક જીવન પ્રેરક બની રહ્યું છે. એને હજુ વધુને વધુ લોકો માટે પ્રેરણાત્મક અને રસપ્રદ બનાવવા આપ પણ આપનાં અમૂલ્ય મંતવ્યો, અભિપ્રાયો અમને નિ:સંકોચ મોકલી શકો છો. આપને 'પ્રાણપુષ્પ' માં આવેલા ચેન્જીસ કેવા લાગ્યાં ? હજુ પણ આપ કેવા ડિફરન્સ ઈચ્છો છો ? આપનાં યોગ્ય અભિપ્રાય આવકાર્ય બની રહેશે.

It is simple story telling. Some concepts like 'Runanubandh,' difference between old times and current times and many others are nicely explained within the story. In the process of telling the story many Guru-Shishya things and characteristics are highlighted which acts as guiding light to masses. It seems as if one is directly listening to Pujya Gurudev narrating the story.

Vaibhav Mehta
Age: 29 yrs

'પ્રાણપુષ્પ' નું મળવું એટલે મારા માટે જાણે ગુરુ મળ્યાંની અનુભૂતિ અને પ્રાણપુષ્પમાં આવતાં પૂ. ગુરુદેવનાં આર્ટીકલનું વાંચન એટલે મારા માટે જાણે પ્રત્યક્ષ ગુરુ સાંનિધ્યની અનુભૂતિ !

પ્રાણપુષ્પનું નવું લુક ન માત્ર એટ્રેક્ટીવ છે પરંતુ એમાં આપવામાં આવતી ઇમેજને કારણે લેખની અંદર રહેલાં મર્મને સહેલાઇથી સમજી શકાય છે. એનાં નવા લુકને કારણે હાથમાં લેતાં જ કોઇક સ્ટાન્ડર્ડ મેગઝિનને હાથમાં લેવાનો અનુભવ થાય છે. જેવી રીતે પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ અનેક લોકોની જૂની, હઠીલી માન્યતાઓને નવા અને સત્યશીલ વિચારો દ્વારા તોડી નાંખી છે એવી જ રીતે પ્રાણપુષ્પની બદલાયેલી ઇમેજે પણ સીધા સાધા બ્લેક એન વાઇટ જૈન સાહિત્યની ઇમેજને તોડીને એને સરસ બનાવી દીધી છે.

પૂ. ગુરુદેવની પરફેકશનીસ્ટ અને ભવ્યતા સર્જવાની છાપને પ્રાણપુષ્પનું બદલાયેલું રૂપ 'વાચાનું સ્વરૂપ' આપી જાય છે.

મીના શાહ
ઉંમર : ૩૫

Had this English article not come, maybe I would never know about all that I read. Things learnt from it are very helpful and interesting.
Just 5-10 mins of reading adds to our knowledge and there is a lot we can learn by reading just a couple of pages.
Hope the content in English keeps expanding. Thanks to one and all who have put in their efforts and working for the articles, content etc in English so we, the upcoming generation can read,sustain and keep the knowledge alive. May this reach out to every person around us.

Devashish Kamdar
Age: 18 yrs



# અનન્ય અવધૂત

**તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નું જીવન કવન**

– યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા.

શિષ્ય એ જ કહેવાય જેને મન ગુરુની આજ્ઞા સર્વસ્વ હોય. રતિલાલના સંયમ માટેના ઉત્કૃષ્ટ ભાવ અને દીક્ષા માટેની તડપ અને તરસ જોઈ ગુરુપ્રાણ એક અનન્ય સંતોષ અનુભવતા કહે છે, **''પહેલાં માતા-પિતાની આજ્ઞા લઈ આવ.. પછી દીક્ષા આપીશ.''**

દીક્ષા લેતા પૂર્વે માતા-પિતાની આજ્ઞા લેવાની વાત રતિલાલને રૂચિ નહીં. ઘરે જવાનું મન ન હતું. એક પલ ગુરુ પ્રાણથી દૂર થવું તેને ગમતું નથી છતાં રતિલાલ ઘરે આવે છે.. **'મા'** રતિલાલને ગુરુ પાસેથી આવેલા જોઈને હરખઘેલી બની તેને વ્હાલ કરે છે. ઘણાં દિવસે દિકરાનું મોઢું જોતાં તેની આંખ વરસવા લાગે છે. પરંતુ રતિલાલ નિર્લેપ ભાવે મા ના વ્યવહારને નિહાળતાં પોતાના દીક્ષા લેવાના ભાવ રજુ કરે છે. મા રતિલાલની દૃઢ ભાવના અને દલીલો સાંભળી વિચારમાં પડી જાય છે.

મા ને વિચારમુદ્રામાં જોઈ રતિલાલ કહે છે :

મા ! તારી મમતા શ્રેષ્ઠ છે પણ ગુરુનો પ્રેમ સર્વશ્રેષ્ઠ છે.

મા ! તારી ગોદ મને ગમતી હતી, પણ તેનાથી વધારે મને તેમના ચરણ વ્હાલા છે.

મા ! તારી સાથે તો મારો આ ભવનો સંબંધ છે, પણ તેમની સાથે તો ભવોભવનો સંબંધ છે.

**મા ! તને જોઈને મને જેમ 'મા' ની અનુભૂતિ થાય છે તેમ તેમને જોઈને મને પરમાત્માની અનુભૂતિ થાય છે.**

મા ! એ દિવ્ય પુરુષ મારા દિલના દેવ છે. એમના દર્શનથી મારી જ્ઞાનદ્રષ્ટી ખુલવા લાગી છે. મને એમના માટે અંદરથી પ્રેમ થાય છે, એમની દરેક વાત મને ગમે છે અને એમના વિના મને કાંઈ ગમતું નથી.

**મા :** બેટા, એ મહાપુરુષ છે, એટલે તને એમના પ્રત્યે આકર્ષણ થતું હશે.

**રતિલાલ :** ના, મા ! મને એમની દેહાકૃતિનું કોઇ આકર્ષણ નથી, મને તો એમના આત્માનું આકર્ષણ છે. મને એમના આત્મા સાથે સંબંધ છે.

**'આકૃતિનું આકર્ષણ સંબંધોને સર્જે છે**
**આત્માનું આકર્ષણ સંયમને સર્જે છે.'**

**મા :** આત્મા સાથે કેવો સંબંધ ?

**રતિલાલ :** મા, આત્મા સાથેનો સંબંધ એટલે ઋણાનુબંધ. મા,

## આત્માનું અદમ્ય આકર્ષણ



ૠણાનુબંધ એટલે કારણ વિનાનો પ્રેમ અને મા, મને એમને પ્રેમ કરવાનું કોઈ કારણ નથી છતાં મારૂં હૃદય એમને અનહદ પ્રેમ કરે છે અને આ ૠણાનુબંધ, આ પ્રેમ જ મને ભવમુક્ત કરાવતી મોક્ષની યાત્રામાં આગળ વધારશે. મા ! હું તારી આજ્ઞા લેવા આવ્યો છું, તારી સંમતિ લેવા આવ્યો છું.. ! મા ! મને ગુરુપ્રાણ પાસે જવાની રજા આપીશ ને ?

**મા :** બેટા, તું આ શું કહે છે ? તું તો હજુ કેટલો નાનો છે ? તને ખબર નથી જૈન સાધુ બનવું કેટલું કઠિન છે ? એમાં કેટલાં કષ્ટો સહન કરવા પડે ? વિહાર, લોચ, ગૌચરી એ બધું તું કેવી રીતે સહન કરીશ ?

**રતિલાલ :** મા, મને તો લાગે છે, આ સંસાર મારાથી સહન નહી થાય. આ શરીર, આ સંબંધો જેને એક દિવસ છોડવાના જ છે, જે ક્યારેક છૂટવાના જ છે તેને પકડી મિથ્યા ભ્રમણામાં રહેવું એના કરતાં જે ક્યારેય છૂટવાનો જ નથી એવા આત્માને પામવાનો પ્રયત્ન શા માટે ન કરવો ?

**મા :** બેટા, સંસારમાં રહીને પણ સાધુ જીવન તો જીવી શકાય છે ને ?

**રતિલાલ :** મા, તારામાં પણ નાનપણથી ધર્મના સંસ્કાર અને ધર્મની ભાવના તો હતી જ ને, પણ આ સંસારમા પડ્યાં પછી તું કેટલો ધર્મ કરી શકે છે ? તારી કેટલી ઈચ્છા પૂરી કરી શકે છે ? કાંઈ જ કરી નથી શકતી... ! ! !

**મા :** બેટા, તારી વાત તો સાચી છે, પણ તું તો મારા જીગરનો ટૂકડો છે. તને હું કેવી રીતે જવા દઉં ? ના બેટા ! ના .. હું તને નહીં જવા દઉં. ! !

**રતિલાલ :** મા, તું મને શા માટે રોકે છે ? થોડો રાગ અને થોડી મમતા ખાતર શા માટે મને રોકે છે ? માનો કે, કદાચ કાળ આવી જાય તો.. ? તો તું શું મને રોકીશ ? નહીં ને... ! જો તું મને કાળ સામે રોકી ન શકે, તો હું તો કાળનો પણ કાળ કરવા જાઉં છું. મૃત્યુનું પણ મૃત્યુ કરવા જઈ રહ્યો છું, તો શા માટે મને રોકે છે ?

મા ને થાય છે, આવા પ્રભાવક ગુરુના પ્રભાવશાળી થોડાં શબ્દો સાંભળ્યા છે અને એમના પ્રભાવથી અંજાઈ ગયો લાગે છે. એમ કાંઈ સાધુ બનવું સહેલું થોડું છે ? ? અને આખો દિવસ ઘેંટા-બકરાં ચરાવવાવાળો અને સર્પ પકડવાવાળો કહે છે, મારે દીક્ષા લેવી છે... એક પણ લક્ષણ નથી દીક્ષા લેવા જેવા.. ! ! એટલે **'મા'** કહે છે, ઠીક છે **તારે જવું હોય તો જા.. ! !**

ક્યારેક એવું પણ બને જે કર્મસુરા હોય તે ધર્મસુરા બની જાય.

જે સંસારમાં ભલે આસક્ત હોય પણ એક યોગ્ય નિમિત મળી જાય તો લાઈફમાં યુ-ટર્ન આવતાં વાર પણ ન લાગે.

જેવું મા એ કહ્યું,'તારે જવું હોય તો જા.. ! !' રતિલાલે એક ક્ષણનો વિલંબ કર્યા વિના, સીધી દોટ મૂકી.

જેને એકવાર પ્રેમનો રંગ ચઢી જાય તેને પછી કોઈ પરવા હોતી નથી, અને જેને પરવા હોય તેને હજુ પ્રેમનો રંગ ચઢયો ન હોય !

રતિલાલ **'મા'** ની આજ્ઞા મળતાં જ કોઈની પરવા કર્યા વિના સીધા પહોંચી ગયા ગુરુપ્રાણ પાસે.. ! !

ગુરુપ્રાણે પૂછ્યું, બેટા, આવી ગયો ? આજ્ઞા મળી ગઈ ?

રતિલાલ ખુશખુશાલ છે, એકદમ પ્રસન્નભાવે કહે છે, જી ગુરુદેવ ! આપની એવી કૃપા વરસી કે મા એ કહ્યું, ''તારે જવું હોય તો જા.. ! ! '' અને હું આવી ગયો.

રતિલાલ ગુરુપ્રાણના ચરણમાં સ્વર્ગના સુખની અનુભૂતિ કરે છે. ચહેરા પર ખુશી છે અને અંતરમાં આનંદ છે.

## ગુરુનું સાંનિધ્ય જ્ઞાનના શબ્દોથી વધુ પ્રજ્ઞાના સંવેદનનું સાંનિધ્ય હોય છે.

જ્યારે કોઈ પણ શિષ્ય બનવા તૈયાર થાય ત્યારે ગુરુ તેમના પર પૂરૂં ધ્યાન આપે, એની આંતરિક શક્તિઓને કેવી રીતે પ્રગટ કરવી, કેવી રીતે ખીલવવી તેના પર વિશેષ ધ્યાન આપે. ગુરુપ્રાણે રતિલાલ પર ધ્યાન આપવાનુ શરૂ કરી દીધું.

ગુરુચરણમાં પરમ સંતોષથી બેઠેલાં રતિલાલ ગુરુ એ આપેલા શિક્ષા પાઠને વાગોળી રહ્યાં છે. એક પછી એક પાઠ કંઠસ્થ કરે છે અને



રાગી જેના પર રાગ હોય તેના અવગુણ ન દેખે. દ્વેષી જેના ઉપર દ્વેષ હોય તેના ગુણ ન દેખે. રાગી ગુણ દેખે, દ્વેષી અવગુણ દેખે. સમકિતી રાગદૃષ્ટિ વિના માત્ર આત્મગુણોને દેખે.

તપસમ્રાટ
પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

કંઠસ્થથી હૃદયસ્થ કરે છે.

**રતિલાલની જ્ઞાન પ્રાપ્તિની જિજ્ઞાસા અને ઉત્કંઠા જોઈ ગુરુપ્રાણ એમને આગમના પાઠ ભણાવે છે, એ માત્ર આગમના પાઠ નથી હોતા એ હોય છે 'અગમ' ના પાઠ...!! ગુરુપ્રાણ માત્ર અઢી હજાર વર્ષ પહેલાના નહીં, અઢી હજાર વર્ષ પછીના પાઠ ભણાવી રહ્યાં છે.** માત્ર ભૂતકાળ જ નહીં, ભવિષ્યના પાઠ પણ ભણાવી રહ્યાં છે, કેમકે, ગુરુ એ જ હોય, જે માત્ર આજ નહીં, આવતી કાલ અને આવતા દિવસો પણ નિહાળતા હોય છે.

રતિલાલને ભણાવતા ભણાવતા ગુરુ પ્રાણની આંખો દિવ્ય તેજ વરસાવી રહી હતી. ગુરુપ્રાણના શબ્દો બ્રહ્મમંત્રો બની રતિલાલના કાનમાં ગુંજી રહ્યાં હતાં. ગુરુપ્રાણના ડીવાઈન વાઈબ્રેશનસ્ રતિલાલના હૃદયના ધબકારને ઉત્સાહિત કરી રહ્યાં હતાં. ગુરુ પ્રાણના મુખકમલમાંથી નીકળતાં જ્ઞાનના એક એક ભાવો રતિલાલની પરમ પ્રજ્ઞાને પ્રગટ કરી રહ્યાં હતાં. સુખાનુભૂતિ કરાવતા આવા સૌમ્ય વાતાવરણમાં રતિલાલના પિતાશ્રી માધવજીભાઈ આવ્યાં.

જ્યારે રતિલાલ ઘરે માતા-પિતાની આજ્ઞા લેવા ગયા હતાં ત્યારે ઘરે 'મા' એકલા જ હતાં. પિતા જેતપુર ગયા હતાં અને જેતપુરથી આવ્યા પછી જ્યારે ખબર પડી કે રતિલાલ ગઈકાલે પણ ગયા હતાં અને આજે પણ ગયાં છે! એમનાથી રહેવાયું નહી અને જ્યાં ગુરુપ્રાણ બિરાજી રહ્યાં હતાં ત્યાં પહોંચી ગયાં.

માધવજીભાઈ કાળઝાળ ગુસ્સામાં ગુરુપ્રાણને કહે છે, મહારાજ! કોઈ ભોળાને ભોળવી જવું એ શું સાધુતાની નિશાની છે? તમે મારા આ દીકરાને ભોળવી રહ્યાં છો શું એ તમને શોભે છે? સાધુ તો એ કહેવાય જે દરેકને સન્માર્ગે લઈ જાય, કોઈના વહાલસોયાને મા-બાપથી વિખૂટા ન પાડે!!

ગુરુપ્રાણ શાંતિથી બેઠા છે.

**''સામો થાય આગ ત્યારે થવું પાણી,<br>એવી છે પરમાત્મા વીરની વાણી.''**

જ્યારે સામેવાળા ક્રોધમાં હોય, આવેશમાં હોય, આક્રોશ કરતાં હોય ત્યારે જે જ્ઞાની હોય તે શાંત રહેતા હોય, તેમના ચહેરા પર સ્મિત હોય!

ગુરુપ્રાણ પણ માધવજીભાઈના શબ્દોના પ્રહારને શાંતિથી સાંભળી રહ્યાં છે. તેમના ચહેરા પર માર્મિક સ્મિતની લકીર છે કેમકે, તે જાણે છે આ માધવજીભાઈ નહીં પણ એમના માં રહેલો 'પિતા' બોલે છે. એનો રાગ, એનો સંતાન પ્રત્યેનો પ્રેમ બોલે છે. એનું અજ્ઞાન અને અણસમજ બોલે છે.

ગુરુપ્રાણને શાંત અને સ્મિત વેરતાં જોઈ માધવજીભાઈ વધારે ગુસ્સે થાય છે અને કહે છે, એક દિવસ મારો દીકરો તમારા દર્શન કરવા આવ્યો અને તમે એને ભોળવીને તમારો બનાવી દીધો? તમને કાંઈ વિચાર ન આવ્યો?

**''વ્યક્તિ જ્યારે ગરમ થાય ત્યારે શરમ છૂટી જાય છે. શરમ જ્યારે છૂટી જાય છે ત્યારે જોતાં નથી સામે કોણ છે?**

ગુસ્સામાં માધવજીભાઈ કહે છે, રતિ, ચાલ ઘરે! હું તને લેવા આવ્યો છું ..! બેટા ! ચાલ ઘરે..!!

અને રતિલાલ ગુરુપ્રાણના ચરણ પકડી આજીજી કરે છે, ગુરુદેવ! મને તમને છોડીને ક્યાંય નથી જવું. ગુરુદેવ! મને તમારાથી દૂર ક્યાંય નથી જવું. ગુરુદેવ! તમારા વિના હું હવે રહી જ ન શકું. તમારા વિના હું જીવી જ ન શકું.

ગુરુદેવ! શું આપણે પરમ યાત્રાના યાત્રિકો નથી? શું આપણે આપણી આ યાત્રા પૂરી કર્યા પહેલાં જ વિખૂટા પડી જઈશું? ગુરુદેવ! આપની કૃપા વરસાવો..!! ગુરુદેવ! પિતાશ્રીને કંઈક સમજાવો!

ગુરુદેવ મૌન ભાવે મરક મરક હસી રહ્યાં છે.

**જ્ઞાનીઓ અજ્ઞાનીઓ પાસે મૌન વધુ રહેતા હોય છે અજ્ઞાનીઓ બોલીને પણ જે કામ ન કરી શકે તે કામ જ્ઞાની મૌન રહીને પણ કરી શકે છે, કારણકે અજ્ઞાનીઓના વોઈસમાં જેટલી તાકાત હોય છે તેનાથી અનેકગણી વધારે તાકાત જ્ઞાનીઓના વાઈબ્રેશન્સમાં હોય છે.**

અને બન્યું પણ એવું જ..!

ગુરુપ્રાણના સ્મિત પાસે માધવજીભાઈનું કાંઈ ન ચાલ્યું.

ગુરુપ્રાણે કહી દીધું.'આ તમારો દીકરો છે, એની ઈચ્છા હોય તો તમે લઈ જાવ અને એને અહીં રહેવું હોય તો અમારી ના નથી.!'

માધવજીભાઈ એને ઘરે લઈ જશે? રતિલાલ પિતા સાથે જશે કે ગુરુપ્રાણ સાથે રહેશે?

## સત્યની જીત

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે. એક જે શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે અને બાહ્ય સુખ આધારિત જ પોતાનું જીવન જીવતાં હોય છે. જ્યારે બીજા આત્માને પોતાનું સ્વરૂપ માનતા હોય છે અને એના ઈનર વોઈસ પ્રમાણે આત્મ તૃપ્તિની દિશામાં આગળ વધતાં હોય છે. માટે જ, કોઈક પહેલી જ વાર ધર્મ ક્ષેત્રમાં આવે, પ્રથમ વખત જ સંતના દર્શન કરે અને એની લાઈફમાં યુ ટર્ન આવી જાય.. એનું જીવન પરિવર્તન થઈ જાય અને કોઈ વર્ષોના વર્ષોથી ધર્મક્ષેત્રમાં આવે, હજારો વખત સંત-સતીજીના દર્શન કરે છતાં પણ એમનાં જીવનમાં કોઈ વધારે પરિવર્તન ન આવે.

રતિલાલ પહેલી જ વાર ગુરુપ્રાણના દર્શન કરે છે અને એનો ઈનર વોઈસ કહે છે, ના! આ મારા પ્રથમ દર્શન નથી. આમની સાથે તો મારું જન્મો જનમનું કનેક્શન છે, અને આ જ મારા આત્માના હિતકર, શ્રેયકર અને કલ્યાણકર છે.

માધવજીભાઈ તો રતિલાલને ઘરે લઈ જવા આવ્યાં હતાં પણ એમની દલીલ ન ચાલી એટલે પગ પછાડતાં પછાડતાં ઉપાશ્રયની બહાર નીકળી ગયાં.

રતિલાલ નિરાંતના શ્વાસ લઈ ફરી સ્વાધ્યાયમાં લાગી ગયાં. ગુરુપ્રાણનાં સાંનિધ્યમાં શાસ્ત્રો શ્લોક આદિ શીખી રહ્યાં છે, પણ શું રતિલાલને કાંઈ શીખવાની જરૂર હતી?

ગુરુના ચરણ, શરણ અને સાંનિધ્ય કાંઈ શીખવા માટે ન હોય, એ તો ભૂતકાળના

ભવોમાં જે શીખેલું અંદર પડેલું હોય તેને પ્રગટ કરવા માટે હોય.

**'શીખવું તેને જ પડે જે આ ભવથી કનેક્ટ થતાં હોય, જે ભવોભવથી કનેક્ટેડ હોય તેને તો માત્ર ગુરુકૃપા મેળવીને પ્રગટ જ કરવાનું હોય'.**

રતિલાલનો ગુરુ પ્રત્યેનો વિનય, ભાવ, ભક્તિ અને અહોભાવ એટલાં શ્રેષ્ઠ હતાં કે ગુરુની આંખોમાંથી નીતરતું વાત્સલ્ય, ગુરુના સ્મિતમાં રહેલો પ્રેમ અને ગુરુના વોઈસ સાથે ભળેલા વાઈબ્રેશનસ્ **'ગુરુકૃપા'** બની જતાં હતાં અને ગુરુના મુખેથી નીકળતાં એક વાક્યમાંથી એમને અનેકગણું સમજાય જતું હતું. એક પણ વિષય એમને વિસ્તૃતમાં સમજાવવો પડતો ન હતો.

**'જેને શીખડાવવું પડે તે શ્રાવક હોય, જેને અંદરમાંથી પ્રગટ થાય તે શિષ્ય હોય.'**

ગુરુપ્રાણ સંસારના સ્વરૂપને સમજાવી રહ્યાં છે, આત્મ તત્ત્વની સમજ આપી રહ્યાં છે અને રતિલાલ એ જ્ઞાન સમજને પ્રગટાવવા પૂર્ણ પુરુષાર્થ કરી રહ્યાં છે, શ્રેષ્ઠને પામ્યા પછી શ્રેષ્ઠત્તમને પ્રગટાવવાનો પુરુષાર્થ કરી રહ્યાં છે, ત્યાં જ... માધવજીભાઈ મહાજન સાથે પ્રવેશ કરે છે.

આજ સુધી રતિલાલ ગાયો ચરાવવા જતાં હતાં, માધવજીભાઈને કોઈ વાંધો ન હતો. આજ સુધી રતિલાલ સર્પ અને વીંછી પકડતાં હતાં, માધવજીભાઈને કોઈ ફરક પડતો ન હતો, આજ સુધી રતિલાલ કૂતરા સાથે મસ્તી કરતાં હતાં માધવજીભાઈ એ પિતા તરીકે નોંધ લીધી ન હતી...પણ... આજે... આજે જ્યારે એ જ રતિલાલ ધર્મક્ષેત્રમાં આવ્યાં, સત્ના સાંનિધ્યમાં આવ્યાં, ત્યારે પિતાના અધિકારે મહાજનને લઈને પહોંચી ગયાં.

**'જે સંસારી સગાને પોતાના માને છે તેને પરમ સગા મળતા નથી, જેને પરમ સગા મળી જાય છે તે સંસારી સગાને સાંભળતા નથી.'**

રતિલાલને પણ પરમ સગા ગુરુ પ્રાણ મળી ગયાં હતાં.

મહાજને રતિલાલને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ રતિલાલની મક્કમતા અને દૃઢતા આગળ કાંઈ ચાલ્યું નહીં.

ધર્મના અને સત્યના માર્ગે જતાં જ્યારે કોઈ અંતરાય આપે ત્યારે મનની મક્કમતા હોવી જોઈએ.

**''ભગવાને નમ્ર બનવાનું કહ્યું છે, નમાલા નહીં.''**

રતિલાલની વિવેકપૂર્વકની દલીલો સાંભળી મહાજને પણ માધવજીભાઈને કહી દીધું, ભાઈ શાસનનું ભવિષ્ય શાસનરક્ષકના હાથમાં હોય, આમાં અમે કાંઈ ન કરી શકીએ.

આ કાળમાં સંયમના માર્ગે જવાના ભાવ એને જ થાય જેના આત્મા એ જનમ જનમથી પુરુષાર્થ કર્યો હોય, જેના આત્માની જનમ જનમની પાત્રતા હોય તેને જ આ ભવે, આ વિષમ પરિસ્થિતિમાં આત્મજ્ઞાન અને આત્મચરિત્ર પામવાના ભાવ થાય, અને જેના હૃદયમાંથી આ ભાવ પ્રગટ થાય તેને દુનિયા ક્યારેય રોકી જ ન શકે.

જેની અંદરની જાગૃતતા હોય તેને ગમે તેટલા અંતરાય આવે, ગમે તેવા કષ્ટો અને વિઘ્નો આવે, ગમે તેવા પ્રોબ્લેમ્સ થાય, જ્યાં સુધી તેનો અંદરનો દિપક પ્રજ્વલ્લિત છે ત્યાં સુધી તેને કોઈ તાકાત અટકાવી શકતી નથી.

માધવજીભાઈ અને મહાજન ગયા એટલે રતિલાલને થયું હાશ ! હવે શાંતિ..!! બહારની નિરવ શાંતિ સાથે મનની શાંતિ થતાં રતિલાલ ગુરુના પ્રેમને પીતાં પીતાં સ્વયંની પ્રજ્ઞાને પ્રગટ કરી રહ્યાં છે....

જેટલો ગુરુનો પ્રેમ વરસે એટલી શિષ્યની પ્રજ્ઞા ખીલે. જેમ જેમ શિષ્યની પાત્રતા વધે, તેમ તેમ ગુરુનો પ્રેમ વધતો જાય. જેમ જેમ શિષ્યનો વિનય વધતો જાય, તેમ તેમ ગુરુની કૃપાનો વૈભવ વધતો જાય. જેમ જેમ શિષ્યનું શિષ્યત્વ પ્રગટતું જાય, તેમ તેમ ગુરુનું ગુરુત્વ પ્રગટતું જાય, જેમ જેમ ગુરુનું ગુરુત્વ પ્રગટતું જાય તેમ તેમ શિષ્યનું શિષ્યત્વ ખીલતું જાય.

રતિલાલનું શિષ્યત્વ પણ ખીલી રહ્યું હતું. ગુરુનો પ્રેમ પણ ધોધની જેમ વહી રહ્યો હતો.



તમારી ભૂલો તમારી આંખો વડે ન શોધી શકો તો બીજાની આંખોની મદદ લેતા શરમાશો નહીં.

તપસમ્રાટ
પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

એક તરફ પ્રેમનો ધોધ હતો અને એક તરફ ભય હતો.

જ્યારે શ્રેષ્ઠને પામીએ ત્યારે શ્રેષ્ઠ છીનવાઈ ન જાય તેનો ભય અને તેની ચિંતા સતત રહેતી હોય છે.

રતિલાલના મનમાં પણ એવો જ ભય હતો.

હું મારા પરમ ગુરુને પામ્યો છું, પણ આ સંસાર મને મારા પરમ ગુરુથી દૂર તો નહીં લઈ જાય ને ? ?

એક ભય... એક ડર... એક ચિંતા...એક શંકા...!!

રતિલાલ પુસ્તકના પાના ખોલે તો... એક પાના પર તેને ગુરુ પ્રાણના દર્શન થાય તો બીજા પાના પર માતા-પિતાના દર્શન થાય.! એક તરફ પ્રેમ વરસાવતી આંખો દેખાય તો સામેના પાના પર આગ ઝરતી આંખો દેખાય..!!

રતિલાલના બાળ હૃદયમાં સંયમનો ભાવ હતો તો સંસારનો ભય હતો. ગુરુ પ્રત્યે ભક્તિ હતી પણ માતા-પિતાનો ડર હતો. શું થશે ? એના વિચારોમાં હતાં... ત્યાં જ...

ધમ ધમ કરતાં પોલીસવાળાનો પ્રવેશ થાય છે, પાછળ કાળઝાળ કરતાં પિતા માધવજીભાઈ છે. રતિલાલ ધબકાર ચૂકી જાય છે. પોલીસ ગુરુપ્રાણ સામે કરડાકીભરી આંખે જુએ છે, પણ આ તો સૌરાષ્ટ્ર કેસરી હતાં, અને જેમની અંદર સત્ય અને સત્વ હોય તે ક્યારેય કોઈનાથી ડરે નહીં, ક્યારેય કોઈના ડગાવ્યા ડગે નહીં. એ તો શાંતિથી પોતાનું કાર્ય કરતાં રહ્યાં, એમણે તો પોલીસ સામે જોયું પણ નહીં.

જ્યારે પોલીસવાળાની અવગણના થઈ એટલે એ વધારે ગુસ્સે થયાં અને જોરથી બોલવા લાગ્યાં, 'કોઈના દીકરાને અયોગ્ય રીતે લાવીને, પોતાની પાસે રાખવો તે ચોરી કહેવાય.!'

ગુરુપ્રાણે ધીરે ધીરે પોલીસવાળા સામે નજર કરી. ગુરુપ્રાણની તેજોકિરણ ભરેલી દ્રષ્ટિ પડતાં જ પોલીસવાળાનો અર્ધો ગુસ્સો ત્યાં જ ઓગળી ગયો અને એના હાથ જોડાઈ ગયાં, અને ધીમા સ્વરે માધવજીભાઈ તરફ આંગળી કરતાં કહ્યુંકે, આ ભાઈ કહે છે કે,**'તમે એના નાદાન બાળકને ભોળવીને લઈ આવ્યાં છો.'**

ગુરુપ્રાણના મુખમાંથી શબ્દો નીકળ્યાં... તમે જેની વાત કરો છો તે અહીંયા જ છે, તમે જ એને પૂછી જુઓ,'જો એને જવું હોય તો અમારી ના નથી, પણ જો એને જવું ન હોય તો તમે એને લઈ જઈ શકતાં પણ નથી.'

ગુરુપ્રાણે સત્તાવાહી અવાજે ગુરુત્વને પ્રગટ કર્યું અને પોલીસવાળાના હૃદય ધ્રુજી ગયાં. એમને લાગ્યું કે આ તો કોઈ દિવ્ય પુરુષ છે, એમની આંખોમાં સત્નું તેજ છે, એમના અવાજમાં સત્યનો રણકાર છે અને એમનાં શબ્દોમાં માત્ર સત્ય જ નહીં, સત્ય સાથે તથ્ય પણ છે.

ગુરુપ્રાણના સત્તાવાહી સૂરે રતિલાલના મનમાં જે ભય અને ડર હતાં તે દૂર થઈ ગયાં, એમણે પણ પૂર્ણ મક્કમતાના ભાવ સાથે પોલીસવાળા સામે જોયું.

સંસારના માર્ગથી સંયમના માર્ગે આવવાના ઉત્કૃષ્ટ ભાવને કારણે રતિલાલનું મનોબળ મજબૂત થવા લાગ્યું હતું, એ સ્ટ્રોંગ થઈ ગયાં અને પોલીસવાળાને કહેવા લાગ્યાં, તમે કયા અધિકારથી મને લેવા આવ્યા છો ? જો તમારી પાસે કોઈ વોરંટ ન હોય અને મેં કાંઈ ખોટું કર્યું ન હોય તો તમે મને અહીંથી લઈ જઈ શકતાં નથી. જો તમારી પાસે વોરંટ નથી તો અત્યારે તમે ગુનેગાર છો કેમકે, તમે બિનસત્તાવાર મને લઈ જવા આવ્યા છો, એટલે પહેલા તમારી ધરપકડ થશે.

રતિલાલની દલીલ અને ગુરુપ્રાણનો રણકાર સાંભળી પોલીસવાળા ચૂપચાપ બહાર નીકળી ગયાં. માધવજીભાઈને કહ્યું, આ લ્યો,તમારા રૂપિયા, અમારાથી તમારૂં આ કામ નહીં થાય.

**સત્ય જ્યારે સ્ટ્રોંગ હોય ત્યારે અસત્ય ક્યારેય ન ચાલે.**

**'સજ્જનો જ્યારે નિષ્ક્રિય બને છે, ત્યારે જ દુર્જનો સક્રિય બને છે, જે દિવસે સજ્જનો સક્રિય બને છે તે દિવસે દુર્જનો નિષ્ક્રિય બની જાય છે.**

ગુરુપ્રાણે જેમને વાઈબ્રેશનસ્‌ના અમૃત પાયા હતાં તે રતિલાલ ગુરુપ્રાણનાં સાંનિધ્યમાં જ રહે છે અને માધવજીભાઈ જેવા આવ્યાં હતાં તેવા એકલાં, દીકરાને લીધાં વિના પાછા જાય છે.

## જ્ઞાન શિક્ષા

એક ગુરુ... એક શિષ્ય, એક આત્મા... એક પરમાત્મા, એક સાગર... એક સરિતા...!!!

ગુરુ પ્રાણના સાંનિધ્યમાં અનેરી શાંતિ અને પરમ સુખનો અહેસાસ કરનાર રતિલાલ હવે જેમ એક સરિતા સાગરમાં સમાય જાય, એકમેક થઈ જાય તેમ ગુરુમાં સમાય જવા તલપાપડ બન્યાં છે. એમને ગુરુની પાસે કે ગુરુની આસપાસ રહેવામાં રસ નથી એમને તો ગુરુની આરપાર થવું છે.

**''ગુરુની આરપાર થવાના ભાવ પ્રગટ થવા એ જ શિષ્યત્વની પરાકાષ્ટાની નિશાની છે.''**

રતિલાલ ગુરુપ્રાણના એક એક સંકેતને સમજવા લાગ્યા છે. ગુરુની આંખ ફરે ને એ સમજી જાય, મારા ગુરુદેવ શું કહેવા માગે છે. ગુરુનો હાથ હલે ને સમજી જાય, ગુરુદેવને અત્યારે શું જોઈએ છે. ગુરુને જતાં જુએ અને જાણે એમનાં હૃદયમાં સુનામી જેવું તોફાન આવી જાય...ગુરુની પાછળ ચાલતા હોય ત્યારે એમને એમ લાગે જાણે એક વિરાટ હસ્તિની પાછળ એક નાનકડું જંતુ ચાલી રહ્યું છે. જ્યાં સુધી ગુરુ પ્રાણ એમને કાંઈ ન કહે ત્યાં સુધી એમને ચેન ન પડે. જ્યાં સુધી ગુરુની દ્રષ્ટિ ન પડે ત્યાં સુધી જાણે વર્ષોથી પાણી ન પીધું હોય એવી તરસ એમની આંખોમાં દેખાય..! એમની એક ઝલક મેળવવા એ જેમ પાણી વિના માછલી તડપે તેમ તડપતાં..!

આવા શિષ્યને ગુરુપ્રાણ પણ ખૂબજ ભાવથી.. ખૂબજ પ્રેમથી જ્ઞાનદીક્ષા આપતા હતાં, એમને સમજ આપતાં હતાં. ''જો રતિ! તારા આત્માએ દિવ્ય આત્મા બનવા માટે જ આ માનવભવ ધારણ કર્યો છે, તારા આત્માએ સામાન્ય બનવા માટે નહીં

શ્રેષ્ઠ બનવા માટે જ મનુષ્ય જન્મ લીધો છે. મારી પાસે આવીને હવે તું ક્યાંય સામાન્યમાં અટકી ન જતો. સામાન્યમાં લલચાઈ ન જતો. તારા માટે આ એક દિવ્ય પળ આવી છે, એક દિવ્ય ક્ષણ આવી છે.જેમ તરણાને એક ઓથ મળે, જેમ તોફાની સાગરમાં ડૂબતાંને એક જહાજ મળે, જેમ પડતાને કોઈનો હાથ મળે તેમ તને આજે એક સંયોગ મળ્યો છે, તને તારનાર મળ્યાં છે.

ત્યારે હે વત્સ્! ડીવાઈન કનેક્શનની એક પણ ક્ષણને તું ગુમાવતો નહીં. સંસારના સુખ સાધનો તો હર જન્મમાં મળશે, માતા-પિતા દરેક ભવમાં મળશે, સંબંધો પણ હર જન્મમાં મળશે, પણ યાદ રાખજે આ બધાંનું કનેક્શન માત્ર શરીર હશે ત્યાં સુધીનું જ હશે, જે પણ મળશે, જેટલું મળશે તે બધું અંતે છૂટવાવાળું જ મળશે. જ્યારે અત્યારે તને જે મળ્યું છે તે બે આત્માનું કનેક્શન છે, આત્માનું કનેક્શન તો અનંતકાળથી અનંતકાળ સુધીનું હોય. તું આ ક્ષણને સામાન્ય ન માનતો. આ ક્ષણનું મૂલ્ય સામાન્ય નથી. આ ક્ષણ તો અમૂલ્ય છે. જે પ્રકારનો તારો વિનય છે, તારી વંદના છે, તારો અહોભાવ છે અને તારા જ્ઞાનનું પ્રાગટ્ય છે એ જોઈને મારું હૃદય ખુશીથી ભરાઈ જાય છે. મને એવું ફીલ થાય છે જાણે વર્ષોથી જેની હું રાહ જોઈ રહ્યો હતો, જેની પ્રતિક્ષા કરી રહ્યો હતો તે તું જ છે... તે તું જ છે...!!!

આજે મને વિશ્વાસ થઈ ગયો છે, જે હું પામ્યો છું તે તું જરૂર પામીશ. આજે તારી આંગળી પકડી હું તને આ ડીવાઈન યાત્રામાં આગળ લઈ જઈશ, ત્યારે તું સામાન્યથી શ્રેષ્ઠ બની જઈશ. આજે તું મારી આંગળી પકડી સંસાર સાગર પાર કરવા આવ્યો છે, કાલે હજારો લોકો સંસાર સાગર પાર કરવાના ભાવથી તારો હાથ પકડશે. હે વત્સ્! તું સાવધાન રહેજે, તું જાગૃત રહેજે, તું એક પળનો પણ પ્રમાદ ન કરતો...!!!

ગુરુ પ્રાણ પ્રતિ દિન એમને જ્ઞાનશિક્ષા આપતાં અને કૃપાનો ધોધ વહાવતાં.

અને એક મદારી જેવા રતિલાલ ધીમે ધીમે મુમુક્ષુ બનવા લાગ્યાં.

એક આત્માને એના અસ્તિત્ત્વની ઓળખ થવા લાગી. રતિલાલને **''હું કોણ છું,''** નું રીયલાઈઝેશન થવા લાગ્યું, પરમ સત્ય સમજાવા લાગ્યું કે, આ શરીર અને આ શરીર સાથે જોડાયેલા પ્રત્યેક સંબંધ અશાશ્વત છે, જેમને હું આજે મારા માનું છું તે મારા હતાં નહીં અને મારા મૃત્યુ પછી મારા રહેશે નહીં, તો પછી મારે તો હું જે છું તેને જાણવો છે, તેને પામવો છે,અને મારે તેને ઓળખવો છે.

સંસારમાં તો આજે જેને પોતાના બનાવો, થોડો સમય પોતાના રહે, રાગ-દ્વેષ થાય અને છૂટી જાય..ના..! મારે તો જે મારો છે તેને જ મારો બનાવવો છે. મારો તો એક આત્મા જ મારો છે, મારે તેને જ મારો બનાવવો છે, તેને ઓળખવો છે, તેને જાણવો છે, કેમકે, એક એ જ છે જે કાયમ મારો રહેવાનો છે.

આવા વિચારો.. આવા ભાવો સાથે રતિલાલ ગુરુ સાંનિધ્યમાં પરમ જ્ઞાનને પ્રાપ્ત કરી રહ્યાં છે.

## સર્જન.. સંકટ.. સંઘર્ષ..

શિલ્પીના હાથમાં એક પત્થર આવી ગયો છે અને શિલ્પી એક પછી એક ટાંકણાં મારતાં મારતાં શ્રેષ્ઠ પ્રતિમાનું સર્જન કરી રહ્યાં છે.

**'જ્યારે શ્રેષ્ઠના સર્જનની શરૂઆત થાય છે ત્યારે તેમાં અનેક સંકટો આવે છે.'**

સામાન્ય જીવન જીવનારાની લાઈફ સરળ હોય છે એમાં કોઈ સંકટ કે સંઘર્ષ હોતાં નથી.

ગ્રહણ સૂર્ય અને ચંદ્રને જ આવે, તારલાંઓને ક્યારેય ગ્રહણ ન હોય.!

જેમનો આત્મા સૂરજની જેમ ચમકવાનો છે અને ચંદ્રની જેમ શીતળતા પ્રસરાવવાનો છે એ રતિલાલને એક દિવસ તાવ આવ્યો.

પિતા માધવજીભાઈ તો રતિલાલ



જીવનમાં સહન શક્તિ ખીલે, સ્વાર્થ પરાયણતા ઘટે તો જ બીજાને ઉપયોગી બની શકાય છે. વૃક્ષ તાપ સહન કરે છે તેથી જ અન્યને છાયો આપી શકે છે.

તપસમ્રાટ
પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

એમની સાથે ઘરે પાછા ન આવતાં ગુસ્સામાં ઘરે ગયાં હતાં અને વિચાર્યું હતું હવે આવે તો પણ ભલે અને ન આવે તો પણ કાંઈ નહીં પરંતુ માતા જમકુબેન..! એમની મમતા... એમનું માતૃહૃદય રતિલાલ માટે તડપતું હતું, ચિંતિત રહેતું હતું.

જ્યારે રતિલાલને તાવ આવ્યો અને શરીર જીર્ણ થવા લાગ્યું ત્યારે સંઘના સભ્યો ગભરાઈ ગયાં અને ગુરુ પ્રાણને વિનંતિ કરી કે થોડા દિવસ ઘરે મોકલીએ તો એની પ્રોપર સંભાળ લેવાશે.

ગુરુને પણ એમના હિતની ચિંતા હતી અને સંયોગો અને પરિસ્થિતિ કંઈક એવા જ હતાં.

જેવા રતિલાલના કાનમાં શબ્દો પડે છે, રતિલાલ વ્યાકુળ થઈ જાય છે, એને આ શબ્દો અંગારા જેવા ધગધગતા લાગતા હતાં. રતિલાલની આંખોમાં આંસુ આવી જાય છે. રતિલાલ રોતા રોતા કહે છે,

ગુરુદેવ ! શું તમે મને તમારાથી દૂર કરી દેશો ? ગુરુપ્રાણે રતિલાલની આંખોમાં ગુરુપ્રેમ અને ગુરુભક્તિ જોયા પણ એ દીર્ઘદ્રષ્ટા હતાં એટલે એમણે પ્રેમથી આશ્વાસનભર્યા શબ્દો દ્વારા સમજાવ્યું,

હે વત્સ ! આ સમયે, આ સંજોગોમાં તારૂં જવું જરૂરી છે અને હિતકારી પણ છે. તું જ્ઞાન અને ભક્તિમાં એવો ડૂબી ગયો છે કે તારૂં આ શરીર, સંબંધ અને સંસારથી ધ્યાન હટી ગયું છે. એટલે સંસાર અને સંબંધની સાથે તારૂં શરીર પણ જીર્ણ થવા લાગ્યું છે.

હે વત્સ ! યાદ રાખ, આ શરીર તો સેવા અને સાધનાનું માધ્યમ છે. આ શરીરથી જ સંસાર વધી પણ શકે છે અને ઘટી પણ શકે છે. આ સંસારને... સંસારના પરિભ્રમણને ઘટાડવા માટે પણ શરીરનું ધ્યાન રાખવું જરૂરી છે.

માટે હે વત્સ્ ! સંઘના નિર્ણયનો સ્વીકાર કરી તારે જવું જરૂરી છે. પણ હે વત્સ્ ! તને મારા આશીર્વાદ છે, ખૂબ જ થોડા સમયમાં તું મારી પાસે આવી શકીશ. આપણો કાંઈ આ જન્મનો સાથ થોડી છે ? આપણે તો જન્મ જન્મના સાથી છીએ. સાથે જ રહીને આપણે એક એવી સિધ્ધ અવસ્થાને પ્રાપ્ત કરીશું જ્યાં કોઈ સંયોગ કે વિયોગ નથી, જ્યાં કોઈ વિરહ કે મિલન નથી, જ્યાં કોઈ જન્મ કે મૃત્યુ નથી. આજે ભલે સંયોગ અને વિયોગ છે પણ એક દિવસ આ સંયોગ અને વિયોગ વિનાની સ્થિતિમાં આવી જઈશું . યોગી અને અયોગી બની જઈશું.. વત્સ્ ! આ જ મારો સંકેત છે.

રતિલાલને જવાનું મન તો નથી પણ ગુરુઆજ્ઞા શિરોમાન્ય છે. ગુરુદેવે કહ્યું છે તો એમાં પણ મારૂં હિત જ હશે.

**'જે સમર્પિત હોય એને બીજો કોઈ વિચાર કે વિકલ્પ ન હોય એને કોઈ તર્ક કે વિતર્ક ન હોય, એની કોઇ સ્વયંની ઈચ્છા ન હોય.'**

ગુરુદેવે કહ્યું અને શિષ્ય હૃદયે સ્વીકારી લીધું.

ઘરે ગયાં... ઘરમાં પ્રવેશતાં જ પિતાની નજર એમના પર પડી અને અહમ્ ઘવાયેલા શબ્દો બહાર આવ્યાં, 'કેમ તારા ગુરુએ તને ન રાખ્યો ? પાછો ઘરે મોકલી દીધો ? રહેવું હતું ને તારે ત્યાં..!!!

**'જ્યારે વ્યક્તિનો ઈગો હર્ટ થાય છે ત્યારે મોકો મળતાં જ બે શબ્દની જગ્યાએ બાર શબ્દો આવે છે.'**

જ્યારે **'મા'** એ જોયાં, મા ની મમતા આંસુ બનીને બહાર વહેવા લાગી... હૃદયમાં પ્રેમ ઉભરાવવા લાગ્યો, અને મા ના મુખમાંથી શબ્દો નીકળ્યાં.. બેટા ! તું આવી ગયો ? બેટા ! તારૂં શરીર તો જો.. શું તારી તબિયત નથી સારી ? ?

મા એ બીમાર રતિલાલની પ્રેમથી સારવાર શરૂ કરી દીધી. યોગ્ય આહારમાં માની મમતા ભળતી હતી અને એની અસરથી રતિલાલની તબિયત જલ્દી સુધરવા લાગી. શરીરમાં શક્તિ આવવા લાગી અને ધીમે ધીમે નોર્મલ થવા લાગ્યાં.

## આત્મભોજનની ભૂખ

થોડુંક સારૂં થયું અને ફરી મન ગુરુ સાંનિધ્યમાં જવા ઉતાવળું થઈ ગયું. આંખો બંધ કરે ને ગુરુની આકૃતિ દેખાય, આંખો ખોલે તો દરેક પદાર્થમાં ગુરુ દેખાય. આખો દિવસ ગુરુના શબ્દો, ગુરુની વાતો, ગુરુનું જતના પૂર્વકનું ચાલવું, ગુરુનું વિનય પૂર્વકનું બેસવું એ જ દેખાય... એ જ યાદ આવે.

**'જેને એકવાર ડીવાઈન લવ થઈ જાય તેને પછી ક્યાંય ચેન ન પડે. ગમે તેટલાં સુખ અને સાનુકૂળતાની વચ્ચે પણ તેને ગુરુ જ યાદ આવે.'**

જેના માથે ગુરુ હોય તેને જ ખબર પડે ગુરુ માટેની તરસ શું હોય ? ગુરુ સાંનિધ્યની ઝંખના શું હોય ? ગુરુ આજ્ઞા માટેની તડપ શું હોય ?

એક તરફ દુનિયાના હજારો સંબંધો હોય અને એક તરફ હોય ઋણાનુબંધનો એક સંબંધ..!! રહેતા હોય દુનિયાની સાથે પણ જીવતાં હોય ગુરુની સાથે..!!

તન હોય ક્યાંક અને મન હોય ક્યાંક..!!

જીવન હોય ક્યાંક અને જીવ હોય ક્યાંક !!

આવી જેની દશા હોય એનું શિષ્યત્વ સાર્થક હોય.

'તડપ' નામનું તપ જેણે કર્યું નથી તે શિષ્ય હોઈ જ ન શકે.

જેમણે ડીવાઈન લવ કર્યો હોય તે જ સમજી શકે ડીવાઈન લવની વેલ્યુ શું હોય ? ડીવાઈન લવ કેવી રીતે આત્માને શુધ્ધ કરી પાવન અને પવિત્ર બનાવે ? ડીવાઈન લવ જ આત્માને પરમાત્મા બનાવવાનું પ્રેરક પરિબળ છે.

– ક્રમશ:



# હે શ્રધ્ધા

માન્યતા એવી છે કે, તું પરમ દુર્લભ છે...
પણ હે શ્રધ્ધા! તું તો મારા રોમ રોમમાં વ્યાપ્ત છે...
તે જ તો મને અહેસાસ કરાવ્યો છે કે, મારા ગુરુ પૂર્ણ છે અને હું શૂન્ય છું
તારા કારણે જ તો  પૂજ્યતા સાથે મારી પ્રિયતા ભળી છે...
તારા કારણે જ તો પ્રેમ સાથે મારો વિશ્વાસ વધ્યો છે.
હે શ્રધ્ધા! તને અંતરના ભાવથી વંદન કરૂં છું.
જેને ગુરુ પ્રત્યે શ્રધ્ધા હોય તેને 'પણ' શબ્દ આવે જ નહીં
જેને ગુરુ પ્રત્યે શ્રધ્ધા હોય તેને સમાધિ મળ્યા વગર રહે જ નહીં
જેને ગુરુ પ્રત્યે શ્રધ્ધા હોય તેને માટે સિધ્ધિ અને સફળતાં સહજ હોય.
ગુરુવાણી પરનો વિશ્વાસ એ છે ગુરુ શ્રધ્ધા..!
સમર્પિત થયા પછી વધતી સમપર્ણતા એ છે ગુરુ શ્રધ્ધા..!
હે શ્રધ્ધા!!
હું તને પ્રાર્થના કરૂ છું ... અંતરથી વિનંતી કરૂં છું...
તું સદાય મારા હૃદયમાં જ રહેજે... સદાય મારા રોમ રોમમાં વ્યાપ્ત રહેજે.
તું ક્યારેય મારાથી દૂર ન થજે..!!
તારા હૃદય પ્રવેશથી જ તો મને ગુરુ શરણ અને ગુરુ સાંનિધ્યનું મહત્વ સમજાયું છે.
તારા આગમનથી જ મારા ભાવ અને ભક્તિમાં વૃધ્ધિ થઈ છે. તારા અંતર પ્રવેશથી જ મારા
પુણ્યમાં વૃધ્ધિ થઈ છે અને અધ્યાત્મનાં માર્ગે પ્રગતિ થઈ છે.
હે શ્રધ્ધા!!
તે જ તો મને ગુરુત્વનો અનુભવ કરાવ્યો છે અને મારા શિષ્યત્વને ખીલવ્યું છે. તે જ તો મને
પરમ વાણી પર વિશ્વાસ કરાવ્યો છે. મારા પ્રેમને પ્રબળ બનાવ્યો છે. તે જ તો મારા હૃદયના
દ્વારને ખોલી નાંખ્યા છે અને મને અનન્ય અને અકલ્પનીય અનુભૂતિઓ કરાવી છે...
આ કાળમાં સત્ય પર વિશ્વાસ થવો એ આશ્ચર્યજનક ઘટના છે.. પણ તારી કૃપાથી હું એ પણ
કરી શક્યો છું... સત્ય પરનાં વિશ્વાસથી જ તો હું મારી મંઝિલ માર્ગે આગળ વધી રહ્યો છું..
તારા આ ઉપકારને હું ક્યારેય નહીં ભૂલું..!!
તારા આ ઉપકારને નત મસ્તકે વંદન કરૂં છું.
જ્યારે ગુરુનાં અંતરઆત્મા સાથે શિષ્યનાં અંતરઆત્માનું
મિલન થાય છે ત્યારે સર્વશ્રેષ્ઠ શ્રધ્ધાનો જન્મ થાય છે.



## દિલ્હીમાં
રહેવા જમવાની ઉમદા સગવડ

5 Star Amenities
**SWATI Hotels**

- 15-A/56, W.E.A. Karol Bagh, Opp. Roopak Stores, Ajmal Khan Road, New Delhi - 110 005
- 17-A/32, W.E.A. Karol Bagh, Gurudwara Road, Opp. Jasaram Hospital, New Delhi - 110 005

**Suruchi**
VEGETARIAN RESTAURANT
**Delhi:** Karol Bagh ★ Shalimar Bagh ★ Anand Vihar ★ **Faridabad**
**Opening Shortly**
**Bhopal - Jalandhar - Raipur**

**Shudh**
North India's First Vegetarian Food Court
**Delhi:** Karol Bagh
Jalandhar
**Opening Shortly**
**Bhopal - Guwahati**

**Franchise inquiry solicited**
Tel:**+91-11-45000300** Resv.no:**+91-11-45000325/26**
E-mail: info@hotelswati.com / reservation@hotelswati.com
www.swatihotels.com
www.shudhrestaurant.com
www.suruchirestaurants.com

A VENTURE OF SUGAL & DAMANI GROUP

**Pravin Shah**
**Piyush Shah**
**M.: 9320555504**



# Kaladeep Corporate

## Manufacturers & Suppliers Of :

**CORPORATE & INDUSTRIAL UNIFORMS, FILTER BAGS, THIGHER, BATA SAFETY SHOES & SAFETY ITEMS**

Stockist : Filter Cloth, "Duck Back" Raincoats, Gumboots, Umbrellas, Woollen Sweaters & Any General Welfare Items.

A/3, Jivram Bhuvan, Ram Ratan Trivedi Road, Mulund (West), Mumbai - 400 080. Telefax. : 2560 4627, Tel. : 2591 9401
E-mail : kaladeepcorp_80@yahoo.com



*With Best Compliments From*
# OPTICAL PALACE
SINCE 1984

COMPUTERISED EYE TESTING • CONTACT LENS CLINIC
• AUTHORISED CENTRE •

Calvin Klein
SNIPER U. S. A.
Silhouette
Ray-Ban
OXYDO SUNGLASSES
BOSS HUGO BOSS

2, Neelkanth Shopping Centre, Cama Lane Corner, Ghatkopar (W), Mumbai-400 086. Tel. : 2512 9516

# a LOT for your TOT...
## at CARRON

BLACK ANT +919820097289

carron
readymade garments

188, kalbadevi road. opp. cotton exchange. mumbai - 400 002 Tel.: 2240 44 49 web: www.carrongroup.in

*With Best Compliments from*

# Shasun Pharmaceuticals Limited

*Manufacturer of*
*Finished Dosage Forms, Bulk Pharmaceutical*
*&*
*Bio therapeutic Ingredients*

Shasun®
For Life - Science Works

*Registered & Corporate office*

*3rd & 4th Floor, "Batra Centre"*
*28, Sardar Patel Road, Guindy, Chennai 600 032. India*

*Tel : 91-44-4344 6700 Fax : +91-44-2235 0278*
*Email : shasun@shasun.com, Website : www.shasun.com*

# અનન્ય અવધૂતની
## ઓળખયાત્રા

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે 'પ્રાણપુષ્પ' માં પૂ. ગુરુદેવ શ્રી નું જીવન કવન વાંચો અને દરેક અંકમાં પ્રસિધ્ધ થતાં ૧૧ પ્રશ્નોના જવાબો આ ફોર્મમાં ભરીને પારસધામ મોકલો. જન્મશતાબ્દી મહોત્સવ અવસરના છેલ્લા અંક સુધી પ્રકાશિત દરેક અંકોના લેખિત અને સાચા જવાબ આપનારને ઈનામ આપવામાં આવશે.

૧. રતિલાલનો પુરુષાર્થ કઈ દિશાનો હોય છે ?

૨.મોક્ષમાર્ગની યાત્રામાં પ્રગતિ કરાવનારૂં તત્ત્વ કયું હોય ?

૩. રતિલાલની દલીલમાં કયા બે પાત્રોની તુલના હતી ?

૪. ગુરુપ્રાણનું સ્મિત એના કયા ગુણને પ્રકાશિત કરે છે ?

૫. રતિલાલના જ્ઞાનને ખીલવનાર કોણ ?

૬. ગુરુપ્રાણ અને રતિલાલને શેની ઉપમા આપવામાં આવી છે ?

૭. રતિલાલ માટે ગુરુપ્રાણ શું ભવિષ્યવાણી કરે છે ?

૮. શિષ્યત્વની સાર્થકતા શેમાં હોય છે ?

૯. ગુરુ પ્રાણને રતિલાલની આંખોમાં શું દેખાય છે ?

૧૦. સત્‌ગુરુનું સાંનિધ્ય શા માટે જરૂરી હોય ?

૧૧. લાઇફમાં યુ-ટર્ન આવવાનું કારણ કયું ?

નામ: ............................................ ઉંમર .................... M ☐ F ☐

સરનામું: ............................................

સીટી ............................................ પીન: ............................................

ફોન નંબર: (ઘર)............................................ (મોબાઈલ)............................................

ઇ મેઇલ: ............................................

પ્રથમ ઇનામ 1 લાખ | દ્વિતીય ઇનામ 51 હજાર | તૃતીય ઇનામ 21 હજાર

**૮૦ થી વધુ સાચા જવાબો આપનારનું સન્માન કરવામાં આવશે.**

પ્રશ્નોતરમાળાના જવાબ ૩૦/૦૧/૨૦૧૩ સુધીમાં મોકલનારના ફોર્મ જ માન્ય ગણાશે.

જવાબ ભરીને મોકલવાનું સરનામું :

**અનન્ય અવધૂત ઓળખયાત્રા - પારસધામ** : વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ ) મુંબઇ - ૪૦૦૦૭૭

**website : www.parasdham.org**

ફોર્મની ઝેરોક્ષ માન્ય ગણાશે.

Cut Here




*With Best Compliments*
Shree Hiteshbhai Kamdar Family


# શાસન ન્યૂઝ

શાસનરત્ના પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઈ મ.ના સુશિષ્યા શ્રી પ્રજ્ઞાબાઈ મ. નાદૂરસ્ત અવસ્થાના કારણે સારવાર અર્થે કોલકતા પધારેલ છે. હાલ શ્રી હર્ષદભાઈ અજમેરાના સ્થાનમાં બિરાજમાન છે. શ્રી કામાણી જૈન ભવનના પદાધિકારીઓ સેવામાં છે.

પૂ. શ્રી પ્રાણકુંવરબાઈ મ. હૈદરાબાદથી વિહાર કરીને કુલપાક-વિજયવાડા-વિશાખાપટ્ટનમ તરફ તેમની વિહારયાત્રા ચાલે છે.



# તપસમ્રાટ હતાં સેવાસમ્રાટ

## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. સાથેના અનુભવો

**ગોંડલ ગચ્છ શિરોમણિ પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતમુનિજી મ.સા.**

મારી જ્યારે નાની ઉંમર હતી, હજુ વૈરાગ્યના બીજ પણ વવાયા ન હતાં, લગભગ દશથી બાર વર્ષની ઉંમર હશે ત્યારે સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી. પ્રાણલાલજી મ.સા., પૂ. શ્રી ગોંવિદજી સ્વામી તથા પૂ. શ્રી પ્રેમજી મ.સા. ઠા.-૩ દલખાણિયા પધાર્યા હતાં. આ વખતે ભાઈશ્રી રતિલાલજી વૈરાગી તરીકે ગુરુ મહારાજ સાથે અભ્યાસ કરતા ત્યારે પણ તેઓ ખૂબજ તેજ તરાર અને ચીવટથી કામ કરતાં હતાં અને અભ્યાસમાં જ રત રહી આગળ વધી રહ્યા હતાં. તેઓ અમારે ત્યાં જમવા આવતા હતાં. અમૃતબા તેમને ભાવપૂર્વક જમાડતાં, ત્યારે તેઓ અમારી સાથે થોડી વૈરાગ્યમય વાતો કરતા હતાં. એ વખતે પણ થોડું ઘણુ મૌન રાખતા હતાં. ખાદીના સાદા કપડાં ,તેમની ચમકતી આંખો અને ધર્મનો પ્રેમ અમારા બાળક મનને ખૂબજ પ્રભાવિત કરતો હતો.

બજારમાં એક સમયે જ્યારે સાપ નિકળ્યો ત્યારે લગભગ ઘણાં માણસો સાપ મારી નાખવા દોડ્યાં, એ વખતે વૈરાગી રતિલાલ ત્યાંથી પસાર થયા અને તેમણે મારનારને દૂર કર્યા અને સાપને આવકાર્યો અને જરા પણ ડર્યા વિના સાપને ઝોળીમાં લઈ લીધો. અમે બધાં બાળકો પાછળ દોડયા, જોત-જોતામાં ગામની બહાર સાપને જીવતો મૂકી દીધો. તેમની સાહસવૃત્તિ પણ અદમ્ય હતી, લગભગ દશથી પંદર દિવસ ગુરુમહારાજ રોકાયા હશે તે દરમ્યાન અમને તેમનો ભાવદીક્ષિત તરીકે સારો એવો સહવાસ મળ્યો હતો.

જામનગરમાં સંપૂર્ણ મધ્યમા પરીક્ષાનાં અવસરે - મારો મુખ્ય વિષય દાર્શનિક હોવાથી બનારસ યુનિવર્સિટીના કોર્સ અનુસાર એક વિશેષ સંપૂર્ણ મધ્યમાની (ચારે વર્ષ એક સાથેની) પરીક્ષા આપવાનો અવસર હતો. આ પરીક્ષાનું સેન્ટર જામનગરમાં હતું મારે તે પરીક્ષા આપવા માટે જામનગરનો વિહાર કરવાનો અવસર ઉભો થયો. સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.એ તપસ્વી પૂ. શ્રી મોટા રતિલાલજી મ.સા. ને સાથે જવા માટે આજ્ઞા આપી, અર્થાત તેમના સાંનિધ્યમાં મારે બે મહિના સુધી રહીને પરીક્ષા આપી પુનઃ પાછા આવવાનું હતું. તે વખતે તેઓ તપસ્વી તથા મૌનવ્રતધારી તો હતાં જ પરંતુ હજુ તપસમ્રાટની પદવી મળી ન હતી.

### ગુણ વિશેષતા

વિહારમાં ખૂબ ઝડપથી ચાલવું, ગૌચરી પાણીનો તુરંત પ્રબંધ કરવો, અને મૌન છતાં સહુને સમજાવી દેવા. એમના આ ત્રણે ગુણથી હું ઘણો પ્રભાવિત થયો. ખાસ કરીને તેમની સેવા પ્રીતિ બેજોડ હતી. હું નાનો હતો, એ મોટા હતાં પરંતુ અભ્યાસ માટે બધી અનુકૂળતા કરી, બધી સેવાથી મને મુકત રાખ્યો હતો. બધું કામ પોતે જ કરી લેતા હતાં. ગૌચરી કર્યા પછી પણ પાત્રા ધોવા, વસ્ત્ર પરિસ્કાર કરવો, બધો સામાન જતનાપૂર્વક રાખવો, એ રીતે બધુ કામ સંભાળી અભ્યાસમાં જરા પણ બાધા પડવા ન દેતા. અમારા મનમાં એમ હતું કે આવા ઉગ્ર સ્વભાવવાળા તપસ્વીજીની સાથે રહેવામાં શું અનુકૂળતા રહેશે ? પરંતુ મારી બધી શંકાઓ નિર્મૂળ થઈ ગઈ. તપનો તેમને જરા પણ અહંકાર ન હતો, નિર્દોષ બાળક જેવી સરલતા હતી. તેમની વિનયશીલતાનું તો પૂછવું જ શું ? મારા અભ્યાસ દરમ્યાન અમે બે સંતો સાથે હોવાથી તેમના અંતરમનને નિહાળવાનો મને અદ્ભૂત યોગ મળ્યો. તપસમ્રાટના આત્માને વાંચવાનો સુંદર અવસર હતો. તેમની કામ કરવાની ચપળતા તથા સ્વભાવની મૃદુતા અને સંકલ્પબળ પ્રત્યક્ષ નિહાળી શકાતા હતાં. ધાક એવી હતી કે જયાં સુધી અંતરંગ અનુભવ ન હોય, ત્યાં સુધી તેમના આંતરિક ગુણ પરખવા મુશ્કેલ હતાં.

એ વખતે જામનગરમાં ડૉ. મહેતા સાહેબની પ્રભુતા હતી. જામનગરના મહારાણી ડૉ. ને. ખૂબજ માનતા હતાં. આખી આયુર્વેદિક સંસ્થા ઉભી કરવામાં આવી હતી.

ડૉ. જૈન હોવાથી જૈનત્ત્વના સૂક્ષ્મ અભ્યાસી હતાં. તેમના ધર્મપત્ની સંતોના અનન્ય ભકત તથા ધર્મ આરાધક હતાં. જામનગરનું સેન્ટર ખેડાની ધર્મશાળાની નજીક હતું. તેથી બે મહિના સુધી અમોએ ખેડાની ધર્મશાળામાં ઉપાશ્રય કર્યો હતો. મહેતા સાહેબનો બંગલો પણ નજીક હતો. જેથી ગૌચરી પાણીની ઘણી સુલભતા હતી, આપણા મૌની તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રાતિલાલજી મ.સા. ડૉ. સાહેબને પ્રભાવિત કરી તેમની સાથે મૌનભાવે જ્ઞાનચર્ચા કરતા. આવા વિશ્વ વિખ્યાત ડૉ. મહેતાએ તપસ્વીજીને હાર્દિક નમસ્કાર કર્યા હતાં અને બોલ્યા હતાં કે **આ સંત તો કોઈ ઓલિયા સાધુ છે.** એ શબ્દો હજુ સુધી અમારી શ્રુતાંજલિમાં સજીવ છે.

ખેડાની ધર્મશાળામાં પ્રતિદિન કચ્છમાં જનારા હજારો શ્રાવક-શ્રાવિકાઓ જામનગરના દરિયાકાંઠે ઉતરતા અને વહાણથી કચ્છ તરફ જતાં હતાં અને એ રીતે આવતા બધાં જ કચ્છી શ્રાવકો દર્શન કરે, તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રીના આશીર્વાદ મેળવે અને નિર્વિઘ્ને પોતાની યાત્રા સંપન્ન કરે. હું તો એક સાક્ષીમાત્ર હતો. બધો જ વ્યવહાર તપસમ્રાટ સંભાળતા હતાં.

અમો વડિયાથી વિહાર કરી જામનગર આવ્યા હતા. પરીક્ષા સંપન્ન થતાં પુનઃ જામનગરથી વડિયા તરફ પ્રસ્થાન થયું. એ દરમ્યાન જામનગર સંઘમાં બે-ચાર દિવસની સ્થિરતા થઈ. ત્યારે મેં જોયું, કે પૂ. શ્રી મોટા રતિલાલજી મ.સા. માટે જામનગર સંઘમાં કેટલો બધો ઉત્સાહ હતો અને એક ચમત્કારી અવધૂત ઓલિયા સંત તરીકે જો આ મહાત્મા આશીર્વાદ આપે તો આપણો બેડો પાર થાય તેવી પ્રબળ ધારણા વર્તાતી હતી. આ બધુ નજરે નિહાળ્યા પછી અમારું હૃદય તેમની મહાનતાથી પરિચિત થતું ગયું. જામનગરથી શાંતિપૂર્વક વિહાર કરી વડિયા પહોંચ્યા અને તેઓએ પુનઃ ગુરુ મહારાજનાં ચરણે અમને સુપ્રત કરી દીધા. ખરેખર બે મહિના સુધીનો એક નિઃસ્પૃહ વિરક્તયોગીનો અમને અનુભવ થયો હતો.

## વૈયાવચ્ચ ભાવના

તપસમ્રાટની વૈયાવચ્ચ ભાવના ઘણી જ નિરાળી હતી. કોઈ પણ સંત સાધ્વીની આવશ્યકતા પ્રમાણે તેઓ પૂરું ધ્યાન આપી સેવા કરવાનું ન ચૂકતા, મને યાદ છે ત્યાં સુધી જ્યારે તાવ આવી જતો કે કોઈ પણ પ્રકારની અશાંતિ થતી, ત્યારે હું નાનો સાધુ છું તેવું મારા માટે જરા પણ સ્વપ્નમાં પણ ન વિચારતા અને પોતા મૂકવા, ઔષધિ આપવી કે કોઈ પ્રકારની શારીરિક સેવા કરવી, એમનો આ અહોભાવ આશ્ચર્યયુકત કરી દેતો. ટૂંકમાં અહીં કહેવાનું છે કે **તેઓ તપસ્વી અને મૌની હોવા છતાં વૈયાવચ્ચ અર્પિતા તરીકે તેમને એક નિર્મળ પદવી જ આપવી જોઈએ. જેમ તેઓ તપસમ્રાટ હતાં, તેમ સેવાસમ્રાટ પણ હતાં.** આ બધું હોવા છતાં સાથે સાથે શાસ્ત્ર સાધના અને સ્વાધ્યાય અનુપમ હતા. દૈવયોગે મારે અર્થાત્ તપસમ્રાટ સાથે રહેવાનો યોગ બહુ જ ઓછો સાંપડયો. ફકત ધોરાજીનું એક ચાતુર્માસ સાથે થયું અને જામનગર પરીક્ષા દરમ્યાન બે માસ સાથે રહ્યાં ત્યાર બાદ પાંચ વર્ષના ગાળામાં સાવરકુંડલાથી અમે વિદાય લીધી. વર્ષોના વહાણા વીતી ગયા. પત્રવ્યવહાર સિવાયનો જરા પણ સંપર્ક ન રહ્યો.

પરંતુ તેમની વિશેષ કૃપાથી તેઓએ સ્વયં પૂર્વભારત તેમજ કોલકત્તા માટે પગ ઉપાડયો. હું પાછો ગુજરાત જઈ ન શકયો. પૂ.શ્રી તપસ્વીજી મ.સા. અનશન કરી નિર્વાણ પામ્યા. આ અવસરે તપસમ્રાટ કોલકત્તા પધાર્યા અને ત્યાં અમારું ભવ્ય ભાવે મિલન થયું જો કે સાથે ચાતુર્માસ સાથે થઈ ન શકયું પરંતુ બે મહિના સાથે રહેવાનો અવસર મળ્યો. એ વખતે નલિનીબાઈ મ. ની દીક્ષા હતી. ખરેખર તેઓ અવધૂત વૃત્તિ ધરાવતા એક પ્રકારે ફક્કડ સંત હતા. તેમને મનમાં જે ઉગી આવતું તે ચરિતાર્થ થતું હતું. દીક્ષા સમયે તેઓ પાઠ ભણાવવા પધારી ન શકયા. પરંતુ તેમની અનુપસ્થિતિમાં પણ તેમણે જે આશીર્વાદ આપ્યા, તે ખૂબ જ પ્રબલ અને શુભ ભાવથી ભરેલા હતાં. દીક્ષા મહોત્સવ ખૂબજ



સારી રીતે સંપન્ન થયો. દીક્ષા પછીના સાધુના જીવનમાં જે અંતરાય હતી તેનો તેમણે ઈશારો માત્ર ક્ર્યો અને આવા પૂ. શ્રી તપસમ્રાટનો ભાખેલો ભવિષ્ય ભાવ જલ્દી ટળી શકતો નથી, ત્યારબાદ તેઓશ્રી ચાસ-બોકારો પધાર્યા.

છેલ્લે મારો તેમના ચરણે એક પ્રશ્ન હતો કે, મારું ભવિષ્ય શું ? તેમણે એક શબ્દમાં જવાબ આપ્યો ,**''ઘણું જાહોજલાલી ભર્યું.''** ત્યાર બાદ તેમણે મને એક કામ પણ સોંપ્યુ કે મારે પૂ. શ્રી પ્રાણલાલજી મહારાજનું જીવન ચરિત્ર આલેખવું આ કામ માટે મારા પર તેમની કૃપા ઉતરી અને તેમની કૃપાથી **''જીવનરેખા''** જેવો પ્રાણલાલજી મ.સા.ના જીવનચરિત્રની ઘટનાઓથી ભરપૂર એક સુંદર ગ્રંથ પ્રકાશિત થઈ શકયો. જીવનરેખા એક ઈતિહાસ ગ્રંથ બની ગયો.

તેઓ કાળધર્મ પામ્યા તે સમાચારથી અમારા મનને ઊંડી ઠેસ લાગી, અને ગોંડલ સંપ્રદાયનો એક વાસ્તવિક પ્રાણ સૂર્ય અસ્ત થઈ ગયો. પૂ. શ્રી પ્રાણલાલજી સ્વામીના ગયા પછી તેઓ જે પ્રાણ મૂકી ગયા હતા, તે પ્રાણ પણ લૂંટાઈ ગયા. રતિ ગયું અને રાજ પણ ગયું.

# મા, તારું વેણ વેણ વરદાન...!



**મા, સંસારની બળબળતી બપોરમાં તારો ખોળો
ચંદન જેવી શીતળતા આપે, ધરતી પરની કરૂણાનું
તારા વિવિધ સ્વરૂપે અવતરણ થયું, મા,
તારો તું કારો એ મારી પદવીને વેણ વેણ વરદાન!**

મા, તે અમને આદર્શ કુટુંબ જીવન સમાજ જીવન અને સદાચારના
પાઠ શીખવ્યા, વ્યવહાર અને ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું.
બા તું એક એવું વૃક્ષ જ્યાં ઝંઝાવાત પણ નિરાંતનો શ્વાસ લે...!
મા તું વ્હાલનું વાદળ વાત્સલ્યનું અમી ઝરણું.
તારી ગેરહાજરીમાં તારું વાત્સલ્ય વાયુમંડળના કણકણમાં
વિખરાય અમને આલિંગન આપે છે. એવા પૂ. બાને

**ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ.**

લી. ખાંભા નિવાસી હાલ ઘાટકોપર
સ્વ. માધવલાલ ભુરાભાઇ બરવાળિયા પરિવાર

HILTON DEVELOPERS PRISTINE REALTY
MADHAVRAY PROCESSORS
M.B. BARVALIA FOUNDATION-SPANDAN HOLISTIC INSTITUTE

**સ્વ. માતુશ્રી વ્રજકુંવરબેન માધવલાલ બરવાળિયા**
ઉ.વ. ૯૧ અરિહંતશરણ ગુરુવાર તા. ૧૩/૧૨/૨૦૧૨

UNIVERSAL
Earthing Systems

# One & Only PATENTED Safe Earthing Electrode

**UES Brand Earthing Electrodes & Mineral Filling Compund are tested & accepted by :**

## Various Industries & Govt. Departments

Safety & Protection From Electrical Hazards

Providers of Advanced
**Earthing Systems**
for every Earthing requirements

Longer Life
Easy to Install
Maintenance Free

**Space Saving**
**Consistent Performance**
**Single Product Solution**

Copper Bonded Steel Rods
UES brand are now...
UL LISTED

AN ISO 9001 - 2008
CERTIFIED COMPANY

UES Brand

*It's Never Late Consider Safety First...*

**Universal Earthing Systems Pvt. Ltd.**

Manufacturers of Maintenance Free Safe Earthing Electrodes & Chemical Mineral Filling Compound

I - 12, V.C.I. Estate, Errukancherry High Road, Sharma Nagar, Vyasarpadi, Chennai - 600039.
e-mail: ueschennai@yahoo.com,ueschennai@gmail.com. Phone: 91-44-25513481,42817271.

Visit us at :
www.ues.in






તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે
વર્ષીતપ આરાધના દ્વારા તપસમ્રાટને તપ દ્વારા
ભક્તિ અર્પણ કરનાર સર્વ તપસ્વીઓની અનુમોદના

**...એ જ અમારો અંતર આનંદ...**

...એ જ અમારો અંતર આનંદ...

–શ્રી હર્ષદભાઈ અજમેરા, કોલકત્તા



તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે
તપ સાધનાની પ્રેરણા કરનાર
અમારા અસીમ ઉપકારી
રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મ.સા.નાં

**...ચરણોમાં કોટિ કોટિ વંદન...**



- શ્રી રીના વૈદ્ય



# I LOVE MY DHARMA

- Rashtra Sant Yug Diwakar
Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb

વ્યક્તિને જ્યારે ચાન્સ મળે, અવસર મળે, સંયોગો મળે ત્યારે ધર્મ કરી લે. શું એ ધર્મ હોય છે કે માત્ર ધર્મની ક્રિયા ?

ધર્મને પ્રેમ કરતાં હોય તેને માટે કોઈ અવસર કે સંયોગ ન હોય. પ્રેમ તો પળે પળે થાય.

ધર્મ કરવો અને ધર્મને પ્રેમ કરવો...

ગુરુ દર્શન કરવા અને ગુરુને પ્રેમ કરવો...

ભગવાનના શરણે જવું અને ભગવાનને પ્રેમ કરવો...

ફરક હોય ને ?

ધર્મનો ગ્રંથ વાંચવો અને ધર્મ ગ્રંથના પ્રેમમાં પડી જવું, બંને અલગ વાત છે. જ્યાં સુધી વ્યક્તિ પ્રેમમાં નથી પડતી ત્યાં સુધી તે તેમાં ભળી શકતી નથી, જ્યાં સુધી ભળે નહીં ત્યાં સુધી અનુભવ થાય નહીં.

જ્યાં સુધી તમે ધર્મને પ્રેમ નથી કરતાં, ત્યાં સુધી ધર્મ સાથે એકમેક નથી થતાં, જ્યાં સુધી ગુરુને પ્રેમ નથી કરતાં ત્યાં સુધી ગુરુના વ્યક્તિત્વમાં તમારૂં અસ્તિત્વ ઓગળતું નથી, જ્યાં સુધી પરમાત્માને પ્રેમ નથી કરતાં ત્યાં સુધી પરમતત્ત્વનો અહેસાસ નથી કરી શકતાં. પ્રેમ અનુભૂતિ કરાવે છે. પ્રેમ પ્રસન્નતા લાવે છે. પ્રેમ બે હૃદયને, બે આત્માને જોડે છે.

એક હોય મકાન અને એક હોય ઘર...!! બંનેમાં ફરક શું હોય ?

જ્યાં ગયા પછી વ્યક્તિને 'હાશ' લાગે તેને ઘર કહેવાય અને જ્યાં રહેવામાં ત્રાસ લાગે તેને 'મકાન' કહેવાય.

ધર્મને પ્રેમ નથી કર્યો એટલે જેટલો ધર્મ કર્યો છે તે હાથ, પગ, હોઠ અને શરીરે કર્યો છે, હૃદયે કે આત્માએ નથી કર્યો. જો હૃદય કે આત્માએ ધર્મ કર્યો હોય તો વ્યક્તિનો ચહેરો, વર્તન, હાવભાવ કંઈક અલગ જ હોય.

આટલાં વર્ષો શું કર્યું છે ?

નોકરી કરી છે કે નોકરીને પ્રેમ કર્યો છે ?

સંબંધ રાખ્યા છે કે સંબંધને પ્રેમ કર્યો છે ?

જેને પણ મળ્યાં છો તેને માત્ર મળ્યાં છો કે તેમાં ભળ્યાં છો ?

જે પણ કર્યું છે, માત્ર કર્યું છે, દિલથી નથી કર્યું. બસ, એક રૂટિન પ્રમાણે કર્યું છે, વ્યવહાર પ્રમાણે કર્યું છે. માત્ર ને માત્ર ભાગ દોડ છે. અહીંયા જવું છે, આને મળવાનું છે, ત્યાં મિટીંગ છે તો ત્યાં લગ્નમાં જવાનું છે. પરિણામે જીવ કયાંક હોય અને જીવન કયાંક હોય. જીવ અને જીવનનો મેળ ખાય તો મોક્ષ થાય.

એક શેઠ હતાં. શેઠનો એક નોકર હતો. નોકરે નોકરીમાં રહેતાં પહેલાં એને જેટલાં જેટલાં કામ કરવાના હોય તેની એક ડાયરી શેઠ પાસે લખાવી હતી અને એ મુજબ દરરોજ બધાં કાર્ય નિયમ પ્રમાણે નિયમિત કરે. શેઠ પણ આવા ડાહ્યા નોકરથી એકદમ ખુશ હતાં. કોઈ કામ કહેવું પડતું ન હતું.

એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. ડાયરીમાં લખેલા નિયમ મુજબ નોકર પણ શેઠની બેગ લઈને પાછળ પાછળ ચાલવા લાગ્યો. વચમાં નદી આવી, પાણીનો પ્રવાહ હતો, શેઠનો પગ લપસ્યો અને શેઠ પાણીમાં તણાવા લાગ્યાં. શેઠે નોકરને બૂમ મારી, મારો હાથ પકડ, મને બચાવ, મને આમાંથી બહાર કાઢ...!

નોકરે ડાયરી કાઢી. શેઠ ડૂબતાં હોય ત્યારે બચાવવાનું કામ ડાયરીમાં લખ્યું છે કે નહીં તે જોવા લાગ્યો. નોકર ડાયરીના પાનાં જોતો રહ્યો અને શેઠ તણાવા લાગ્યાં.

નોકર ઘણા બધાં કામ કરતો હતો તે સારૂં કહેવાય કે શેઠ ડૂબતાં હોય એને બચાવે તે સારૂં કહેવાય ? એ જેટલાં પણ કામકરતો હતો તે કામ કરતાં પણ જો તે શેઠને પ્રેમ કરતો હોત તો ?? તો એ ડાયરી જોવા રહેત કે હાથની બેગ એક બાજુ મૂકી શેઠને બચાવવા દોટ મૂકત ?? એટલે એ કરતો ઘણું બધું હતો, પણ જ્યારે જે કરવા જેવું હતું તે કરતો ન હતો . આ યોગ્ય કહેવાય કે અયોગ્ય ?

જે સમયે જે કરવા જેવું હોય તે કરીએ તે જ યોગ્ય કહેવાય.

ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ-જૈન આગમ, શ્રીકૃષ્ણ ભગવાનની ગીતા, ભગવાન બુધ્ધના ધર્મપીટક, જેવા શાસ્ત્રોને

વાંચવાવાળા ઘણા બધાં હશે પણ એ શાસ્ત્રોને પ્રેમ કરવાવાળા કેટલાં ? સમય અને સંજોગો અનુસાર આચરણ કરવાવાળા કેટલાં ?

ડૂબી રહેલાં શેઠને બચાવવાનો સમય હતો કે ડાયરી જોવાનો ? તે સમય, તે સંજોગો, મન, શરીર અને આત્માને શેઠને બચાવવાની ક્રિયામાં લગાડવાનો હતો કે માત્ર ને માત્ર ડાયરીમાં લખેલાં અક્ષરો વાંચવાનો ?

ક્યારેક આપણે શાસ્ત્રોને વાંચતા જ રહીએ છીએ અને સમયને ઓળખી શકતાં નથી. જો સમયને ઓળખી લઈએ તો શાસ્ત્રો તો ઓટોમેટિક વંચાઈ જતાં હોય છે.

ધર્મમાં પણ માત્ર શાસ્ત્રના આધારે ચલાતું નથી, સમયને પણ લક્ષ્યમાં લેવો પડે છે. સમયના આધારે તો જ ચાલી શકાય જો ધર્મ પ્રત્યે પ્રેમ હોય. જ્યાં પ્રેમ હોય ત્યાં સ્વીકાર હોય.

ધર્મ કરવાવાળા આ સમાજમાં ઘણા બધાં છે, પણ ધર્મને પ્રેમ કરવા વાળા બહુ જ અલ્પ છે.

ક્યારે શું કરવું અને ક્યારે શું ન કરવું, પ્રેમ તેનો વિવેક જગાડે છે. પ્રેમ વગરનો ધર્મ જડતા લાવે છે.

ધર્મ કરનારનું પણ ધર્મ કરવા પાછળનું વિઝન શું હોય છે ? સુખ, શાંતિ, સમાધિ, આત્મ કલ્યાણ અને કર્મની નિર્જરા !! આ સ્વાર્થ છે કે બીજું કાંઈ ? તમે જાપ, સાધના, માળા, ઉપવાસ જે કાંઈ કરો છો તે તમારા માટે હોય છે કે બીજા માટે ?

ધર્મથી મેળવવું ઘણું છે, પણ ધર્મ માટે કરવું છે શું ? જે ધર્મને પ્રેમ કરે તે ધર્મ માટે કંઈક કરે અને ધર્મ કરવાવાળો માત્ર ધર્મ કરે, ધર્મ સિવાય કાંઈ ન કરે.

ભગવાને પણ માત્ર ધર્મ જ કર્યો હોત તો સીધાં મોક્ષમાં ચાલ્યા ગયા હોત, સમવશરણમાં ક્યારેય ન બિરાજયાં હોત...!! જો ભગવાને માત્ર ધર્મ કર્યો હોત તો માત્ર પોતાના આત્માનું કલ્યાણ કરી મોક્ષમાં પહોંચી ગયા હોત... સર્વ જીવોના હિત માટે દેશના ન આપી હોત...!! ભગવાને માત્ર ધર્મ ન હતો કર્યો, ધર્મને અનહદ પ્રેમ કર્યો હતો. ધર્મને પ્રેમ કર્યો હતો એટલે સર્વ પ્રત્યે પ્રેમ હતો અને સર્વ પ્રત્યે પ્રેમ હતો એટલે જ દિલમાં સર્વના હિત, શ્રેય અને કલ્યાણની ભાવના હતી.

અમારૂં પણ લક્ષ્ય એ જ છે સર્વના દિલમાં ધર્મ પ્રત્યે પ્રેમ જાગૃત થાય અને ધર્મ સાથે ધર્મ માટે કંઈક કરવાના ભાવ થાય.

તમે માત્ર તમારા માટે જ કંઈક કરો એમ નહીં, સર્વ માટે કંઈક કરો. જોયા કરશો તો જે કરવાનો સમય આવ્યો છે તે કરી જ નહીં શકો. શાસ્ત્રોના લખાણમાં જે મર્મ છે, જે હાર્દ છે તે સમજાવવા ગુરુનું પરમાત્મા જેવું હૃદય જોઈએ અને તેને સમજવા શિષ્યનું પાત્રવાનનું હૃદય જોઈએ.

# ગુરુ અમૃતવાણી

**ધર્મને જે પ્રેમ કરે તે જ ધર્મનો અનુભવ કરે.**

**જ્યાં સુધી પ્રેમ ન થાય,**
**ત્યાં સુધી દિલ ન જોડાય.**

**જ્યાં ગયા પછી 'હાશ' લાગે તે ઘર,**
**જ્યાં ગયા પછી 'ત્રાસ' લાગે તે મકાન.**

**ધર્મ કરો, ધર્મ માટે કંઈક કરો.**

**જીવ અને જીવનનો મેળ થાય તો મોક્ષ થાય.**

**જ્યાં સુધી નોકરને 'માણસ' ન માનો,**
**ત્યાં સુધી નોકર સાથેનો વ્યવહાર**
**'માણસ' જેવો ન હોય.**

**ધર્મ કરતાં શીખ્યાં પણ**
**ધર્મને પ્રેમ કરતાં ન શીખ્યાં.**

**જ્યારે જે કરવા જેવું હોય ત્યારે તે કરવું.**

**માત્ર શાસ્ત્રોને વાંચનારા સમયને ઓળખી**
**શકતા નથી અને સમયને ઓળખનારાના**
**શાસ્ત્રો વંચાઈ જતા હોય છે.**

**ધર્મને જે પ્રેમ કરે, તે ધર્મ માટે કંઈક કરે.**

**રેસીપીની બુક વાંચીને બનાવેલી રસોઈ**
**અલગ હોય અને સાસુની નીચે તૈયાર થયેલી**
**વહુ એ બનાવેલી રસોઈ અલગ હોય.**



# Estrangement to Affinity

A Recital of Tapsamrat Pujya Gurudev's biography by Yug Diwakar Gurudev

The noon sun is a red ball of blazing fire whereas the same sun at dawn though red in colour is cool. In the beginning, it spreads a soft red hue marking the break of dawn. This is similar to a Yug Purush or Siddh Purush- an awakened soul who has made a connection with the Supreme. When such a soul is born, the people and the surroundings immediately realize that he is distinctively unique. There are many whose journey through birth, survival and death remains completely unnoticed. But a great soul, from birth, bestows an image, a persona, an essence that appeals to all and we are talking about the Yug Purush, the Great Soul, TapSamrat Shree Ratilalji Maharaj Saheb.

He was born in a very small village called Vavdi. People had realized his divinity and uniqueness at the tender age of five. Unlike others, his speech, behavior and movements were different. Everyone felt that he was exclusively different, and so did his mother Jamkubai. One day a visitor to their house brought lots of sweets as a gift. Jamkubai distributed these sweets to all her sons and daughters including Ratilal.

Except Ratilal, all relished the sweets. Ratilal ran out of the house with the sweets hidden in his palms. His elder brother wondered," What is Ratilal up to? Why did he run out?" So he followed him and saw that Ratilal had given away his share of the sweets to a poor boy living in his neighbourhood. He fed the boy one sweet with his own hand and was caressing his head. The poor boy was filled with joy. He asked for another sweet. Little Ratilal gave him one more sweet from his other hand. Amazing isn't it?

Children at such a tender age would want everything for themselves but little Ratilal was considerate and caring. And this very Soul from such a tender age grew into an aspiring great persona, and presented a doctrine:

He who prefers to feed others rather than be fed is a true human.

This doctrine was introduced at the age of around 40-45 years even though he had been practicing it from the age of 5 years, when he was considered to be immature. His elder brother who was awestruck by this act of benevolence, felt humbled by the generous spirit of his younger brother. It is not age but rather the generous heart that makes a person

great. Those who grow old with miserly hearts never become great, as they are unworthy.

Here was a little boy who showed virtues of selflessness and compassion.

There are four kinds of people in this world who think,

What belongs to me is mine.
What belongs to me is yours and mine.
What belongs to me is not mine but yours.
What belongs to me is neither mine nor yours.

The virtue of having a big generous heart comes not from this birth but has co-existed for many births from the time it grew. Many people have immense wealth but will not release it for other's benefits. Some may not have much but are still ready to help others.

Parmatma says that before practicing restraint, renunciation and piousness, one firstly has to be humane. Humanitarian values alone will bring out the magnanimity of a person.

Parmatma says that before practicing restraint, renunciation and piousness, one firstly has to be humane. Humanitarian values alone will bring out the magnanimity of a person.

Time was the sculptor who was chiseling out and carving the stone into a statue....from the age of five.

Children at such a tender age would want everything for themselves but little Ratilal was considerate and caring. And this very Soul from such a tender age grew into an aspiring great persona, and presented a doctrine: He who prefers to feed others rather than be fed is a true human.

If you put a chocolate in your child's hand and then ask him to pass it on to the person beside him, he will be most reluctant. If you buy him some toys and ask him to share by playing with other children, he will immediately become possessive and refuse. Some people are attached to their possessions while some are detached from it. This virtue of attachment and detachment has percolated in a person since his previous births.

But remember that the one who can give or leave gets back manifold in return, whereas the one who tightly holds on to things loses everything in the end. This is a very important lesson of life.
There are many such lessons to be learnt from the life of Ratilalji.

On seeing Ratilal giving away his sweets, his brother came back running to his mother and asked her," Is he my real brother? When you gave me sweets I immediately ate them and didn't even think of others. Do you know what Ratilal did with the sweets?" His mother asked curiously," What did he do with the sweets from Mumbai? Did he feed it off to the dogs?" She was getting a little angry. The brother narrated the whole incident to her - "He fed it to a poor motherless child with great passion. The way Ratilal was mothering the child while feeding him, introduced me not to a young boy but an image of passion, an image of Parmatma." On hearing this, Jamkubai's heart stirred with pride and when Ratilal returned home, she cuddled him lovingly and expressed her emotions," Dear son! Having a son like you has fully justified my motherhood." "Never worry about yourself and never cease to worry about others." - That was young Ratilal.

As a child Ratilal was fearless. On seeing a snake, the villagers would run away but Ratilal would try and identify its breed. How would a five year old

Remember that the one who can give or leave gets back manifold in return, whereas the one who tightly holds on to things loses everything in the end. This is a very important lesson of life.

determine whether the snake was poisonous or not? It is our vision that saw him as a young boy whereas this wise soul was immersed with knowledge from the past innumerable births. As the villagers watched in fear, Ratilal would pick up the snake, take it deep into the forest and release it in its natural habitat, as if saying," Go live happily in your home."

He who is full of passion never fears, be it anyone. He saw love in everyone, be it a snake or a scorpion, so there was no reason to fear. For him all living beings were at par, hence he advised the villagers not to kill any animal.

There were times when neighbours from the Patel community would request Madhavjibhai for Ratilal's services in grazing the cows when they were short of hands. Madhavjibhai would disapprove of Ratilal, the son of a businessman and a Jain, to perform such duties. But then Ratilal would plead with his father and then happily proceed to graze some 50 to 100 cows on the outskirts of the village. Though he was Madhavjibhai's son, but as a child he was truly like Madhav (Krishna). While returning from grazing, he would personally make each and every cow have water and pat them lovingly on their heads before handing them over to their respective owners. The owners became very happy and soon they realized that the cows were giving more milk than before. The touch of a divine person not only affects humans but even animals.

He who is full of passion never fears, be it anyone. He saw love in everyone, be it a snake or a scorpion, so there was no reason to fear. For him all living beings were at par, hence he advised the villagers not to kill any animal.

Just like the divine touch of Ram on Ahalya, Tap Samrat Gurudev's touch also had an enchanting effect. I remember, whenever Gurudev used to bless me with his touch, I would experience an unusual sensation, a divine feeling.

Likewise the cows too must have felt his divine touch which explained why they were giving more milk and appeared more happy and calm. Tap Samrat Gurudev was such a great personality who showed compassion for humans as well as animals and other living beings.

As young Ratilal grew, the fragrance of his humanitarian values blossomed and spread all over. People had started realizing that he was a divine person living amongst ordinary people. Divine personalities are born one in a million. Many a time people are not able to realize their divinity and when they do, it is too late.

My message for today is, as Gurudev used to say, "One who feels that feeding others is more important than feeding himself makes his life as a human worthwhile." Inculcate in yourself the value of sharing your food and feeding others instead of eating everything by yourself. People generally like to feed the known and acquainted, but feeding strangers who are poor and needy would give you immense inner satisfaction. Remember, if you want to make your human birth worthwhile, feed the poor and needy instead of feeding yourself alone.

To be continued...

With Best Compliments:
Arham Yuva Group

# A PIOUS PRESENT

Help unveil the dimensions to divinity as it is a way to purity...
This New Year brings with it an invaluable opportunity to cultivate our mind and nourish ours soul.

## Gyan Anumodna...
## When one gives... one recieves in abundance
## The best gift one could ever give!

The collection features
*Auspicious occasion *Gracious bhakti *Illuminating discourses by Yug Diwakar Pujya

## DVD's



The showers of Grace never cease...
The Pravachans have been compiled as sets of 15 MP3 and DVD's filled with practical examples in simple language.. Seekers will revel in sublime bhakti and soul stirring discourses by Pujya Gurudev..

` 1100/-

## BOOKS

### ENGLISH

A set of 10 English Books with discourses on varied topics to reach the abode of inner peace and bliss.
The Guiding Light helping us Climb the Golden Staircase towards the Inner Journey from Myself to My Soul.

` 400/-



### GUJARATI & HINDI



The Gujarati collection imbibes with it the Siddhatva Ni Yatra with the Sachitra Samayik Sootra and the Swa Se Swadhyay acting as pillars to reach the ultimate destination

` 300/-

**: AVAILABLE AT :**

**Parasdham - Ghatkopar : 022 - 32043232** **Pawandham - Kandivali : 022 - 32092277**
**Parasdham - Kolkata : 098313-06271** **Parasdham - Rajkot : 0281 - 2577630**

**: Also available at Arham Yuva Group and Look N Learn Centres :**

# Look n Learn Sports Meet

## *A leap towards true spirit*



સ્પોર્ટસ્નું અભિવાદન કરતાં મુંબઇના મહાનુભાવો



978 બાળકોની શિસ્તબધ્ધ પરેડ



વિશાળ ગ્રાઉન્ડમાં લુક એન લર્ન સ્પોટર્સ ઇવેન્ટ



100 મિટર રેસના ઉત્સાહી રમતવીરો

સ્પર્ધા એટલે જેમાં હાર અને જીત બંને હોય. હાર વ્યક્તિને નિરાશ અને નાસીપાસ કરે છે, જીત વ્યક્તિમાં અહમ્ લાવે છે અને એની જ પ્રગતિમાં અવરોધક બને છે.

પણ... જો સ્પર્ધા પોઝીટીવ હોય તો... ? ? ?

તો વ્યક્તિ પોતાની હારને એક તક માની બમણા જોશથી ફરી જીતવા માટે પ્રયત્ન અને પુરુષાર્થ કરે, અને જીતેલી વ્યક્તિ માટે વધુ પ્રગતિકારક શિખર સર કરવા માટેનું પ્રેરણાત્મક પરિબળ બને.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પાસેથી એમના જ આ સિધ્ધાંત આધારિત પ્રેરણા અને આશીર્વાદ પ્રાપ્ત કરી બૃહદ મુંબઈની લુક એન લર્ન જૈન જ્ઞાનધામની ૨૨ શાખાઓએ સંયુકત ઉપક્રમે ''લુક એન લર્ન એન્યુઅલ સ્પોર્ટ ઈવેન્ટ'' નું ભવ્ય આયોજન પાર્લાની જમનાબાઈ નરસી સ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં કર્યું હતું, જેમાં ૯૭૮ બાળકોએ વિવિધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ મુંબઈના અગ્રણી મહાનુભાવોના હસ્તે ગોલ્ડ, સીલ્વર અને બ્રોન્ઝ મેડલ સાથે સર્ટીફીકેટ મેળવ્યાં હતાં.

ઈવેન્ટના પ્રારંભમાં પ્રેરણા દાતા યુગ દિવાકર પૂ. ગુરુદેવશ્રીના સ્મરણ સાથે નમસ્કાર મંત્રની પ્રાર્થના કરવામાં આવી હતી. પારસ પ્રેરણા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સી.વી. શાહ (પેરેડાઈઝ), શ્રી મિલનભાઈ અને શ્રી ગીરીશભાઈએ ચીફ ગેસ્ટ શ્રી હેમંતભાઈનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું, ત્યારે શ્રી હેમંતભાઈએ બાળકોને થ્રી "C" એટલે કે Concentration, Consistency and Co-operation ને લક્ષ્ય બનાવી જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી હતી.

ધ્વજ પરેડ, મશાલ પરેડ, ૫૦ મીટર દોડ, 100 મીટર દોડ, ગોઇંગ ટુ પીકનીક, પાસીંગ ધ રીંગ થ્રુ બોડી, માર્બલ એન્ડ સ્પૂન રેસ, ઓબ્સ્ટેકલ રેસ, થ્રી લેગ્ડ રેસ, સેક રેસ, 4x 200 મીટર રિલે આદિ વિવિધ રેસમાં પાંચ વર્ષથી ૧૫ વર્ષના બાળકોનો ઉત્સાહ, જીતવાનો




શ્રી હેમંતભાઇ શાહ ( આકૃતિ બિલ્ડર્સ)



શ્રી સી.વી. શાહ (પેરેડાઇઝ) એવમ્ શ્રી શૈલેશભાઇ દેસાઇ



શ્રી અશોકભાઇ જસવાણી



ડૉ. શ્રી વિનોદભાઇ શેઠ - અંધેરી સંઘ




શ્રી રાજુભાઇ બાવીશી




શ્રી રજનીભાઇ શાહ



સ્પોર્ટસ્ યેલ્લો ટીમ સ્ટન્ટ કરતાં



બૃહદ મુંબઇની 22 શાખાઓના બાળકો તથા દીદીઓ



આનંદ અને ઉપસ્થિત વિશાળ સમુદાયના હર્ષ-હર્ષના નાદથી ગ્રાઉન્ડ ગુંજતુ હતું અને શિયાળાની ખુશનુમા ગુલાબી ઠંડક સાથે ઓલમ્પીક્સ જેવો માહોલ અને પોઝીટીવ સ્પર્ધાત્મક વાતાવરણ છવાયું હતું.

આ ઉપરાંત પેરેન્ટ્સ્, દીદીઓ, અર્હમ્ યુવા ગ્રુપ, એક્સ લુક એન લર્નના બાળકો અને લુક એન લર્ન સિવાયના બાળકોની પણ વિવિધ સ્પર્ધા રાખવામાં આવી હતી અને દરેકને ઇનામ આપવામાં આવ્યાં હતાં.

જીતનાર બાળકો અભિનંદનની વર્ષાથી ભિંજાતા હતાં જ્યારે અન્ય બાળકોના ચહેરાં પર 'બેટર લક નેક્સ્ટ ટાઈમ' નો પોઝીટીવ એટીટ્યુડ હતો, જેના કારણે વાતાવરણ પ્રસન્ન અને પુલકિત હતું.

બાળકોને પ્રોત્સાહિત કરવા અને ઇનામો આપી ઉત્સાહિત કરવા બૃહદ મુંબઈના આકૃતિ બિલ્ડર- જીતોના શ્રી હેમંતભાઈ શાહ, કોરપોરેટર શ્રી અમીતભાઇ સાટમ, શ્રી સી.વી. શાહ (પેરેડાઈઝ), જીતોના શ્રી દિપેનભાઇ શાહ, જૂહૂ કેળવણી મંડળના સેક્રેટરી શ્રી જયંતભાઈ ગાંધી, જીતોના શ્રી સી.વી.શાહ, જીતોના શ્રી વિનોદભાઈ શેઠ, અંધેરી ઝાલાવાડ નગર ઉપાશ્રયના ડો. શ્રી વિનોદભાઈ શેઠ, શ્રી જનકભાઈ તુરખીયા, પાર્લા ઉપાશ્રયના શ્રી જગદીશભાઈ ઝોંસા, શ્રી હર્ષદભાઈ ગાંઠાણી અને શ્રી દિનેશભાઈ ધોળકીયા, અંધેરી ઝાલાવાડ નગર ઉપાશ્રયના શ્રી મહેન્દ્રભાઈ દોશી, પાર્લા ઉપાશ્રયના શ્રી વિનોદભાઈ બાટવીયા, શ્રી શૈલેષભાઈ દેસાઈ, શ્રી મિલનભાઈ અજમેરા, શ્રી પરાગભાઈ શાહ, શ્રી હેમલભાઈ દોશી જેવા મહાનુભાવોની ઉપસ્થિતિ પણ પ્રશંસનીય હતી.

આ અવસરે બાળકોમાં શેરીંગની ભાવના જાગૃત કરવા કલ્યાણદીપ સ્કૂલના ફીઝીકલી ચેલેન્જડ બાળકોની પણ સ્પોર્ટ રાખવામાં આવી હતી અને એમને બાળકો દ્વારા ઇનામ આપવામાં આવ્યાં હતાં.

શિસ્ત અને એકતાનું દર્શન કરાવતી આ ઇવેન્ટના મેનેજમેન્ટની પણ ઉપસ્થિત સમુદાયે પ્રશસ્તિ કરી હતી. ચીફ ગેસ્ટ અને મહાનુભાવોનું સ્વાગત , એક એક ટીમનું એસ્કોર્ટ, 22 સ્કૂલનું ચાર કેટેગરી રેડ, ગ્રીન, બલ્યુ અને યેલોમાં ડીવીઝન, દરેક સ્પર્ધા માટે મેડલ્સ વિતરણ, દરેક સ્પર્ધકોને સર્ટીફીકેટ અને પ્રોત્સાહિત ઇનામનું વિતરણ, વિશાળ ગ્રાઉન્ડની સજાવટ અને દરેકને આપવામાં આવેલી ડયુટીનું નિષ્ઠાપૂર્વકનું પાલન ખરેખર પ્રશંસનીય હતું.

આ મેગા ઇવેન્ટને સાકાર અને સફળ બનાવવા દિપ્તી દીદી, રૂપલ દીદી આદિ દીદીઓ, સર અને બાળકોનો અથાગ પરિશ્રમ પણ ઉલ્લેખનીય છે. લુક એન લર્નની દેશ-પરદેશની 79 શાખાઓના હજારો બાળકો જૈન ધર્મના સંસ્કાર સાથે સર્વાંગી વિકાસ તો કરે જ છે પણ સાથે સાથે ફીઝીકલ ફીટનેસ અને માનસિક વિકાસ માટે આવા સ્પોર્ટસ્, પીકનીક અને એક્ઝીબીશન જેવા મેગા ઇવેન્ટસ્નું પણ આયોજન કરે છે.

ચેમ્પીયન ટ્રોફી વિજેતા તરીકે બ્લુ ટીમ જાહેર થઈ હતી, જેમાં લુક એન લર્નની મલાડ, પાવનધામ, બોરીવલી, આંબોલી અને લોખંડવાલા ટીમનો સમાવેશ થાય છે.

રનર અપ વિજેતા યેલો ટીમ જાહેર થઈ હતી, જેમાં લુક એન લર્નની સાયન, કલ્યાણ, મુલુંડ-૧ અને મુલુંડ-૨, ઘાટકોપર(વેસ્ટ), ડોંબીવલી(ઇસ્ટ), ડોંબીવલી(વેસ્ટ) શાખાઓનો સમાવેશ થાય છે.


ચેમ્પીયનશીપ ટ્રોફી


અર્હમ યુવા ગ્રુપ દ્વારા ફીઝીકલી ચેલેન્જડ બાળકોને ઇનામ



ચેમ્પીયન ટ્રોફી વિજેતા આનંદિત બ્લુ ટીમ


રનર અપ ટ્રોફી વિજેતા ઉત્સાહિત યેલ્લો ટીમ



## રાષ્ટ્ર સંત યુગ દિવાકર

# પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના

### મૌલિક પ્રેરક પ્રભાવક અને અનુભવ જ્ઞાનવાણીથી સમૃધ્ધ પ્રવચનો

## જેમને ॥सोहम्॥ ચેનલ પર

**સાંભળીને દેશના ખૂણે ખૂણેથી હજારો લોકોએ જીવન પરિવર્તન કર્યા છે, જીવન શૈલી સુધારી છે. સુખ શાંતિ, સમાધિ, સમૃધ્ધિ સફળતાને પામ્યા છે, એ જ સોહમ ચેનલનું સોનેરી આયોજન:-**

આપના બાળકોના, મિત્રોના અને સ્નેહીઓના જન્મદિવસ, મેરેજ એનીવર્સરી અને શુભ પ્રસંગોને સ્મરણીય બનાવો. પ્રતિદિન ચાર પ્રસારણમાંથી કોઈ પણ એક સમયનું પ્રસારણ અમે આપના તરફથી કરીશું જે આપના તરફથી આપની પૂ. ગુરુદેવ પ્રત્યેની સદ્ભાવના હશે. સાથે સાથે આપને ધર્મની - શાસનની પ્રભાવના અને જ્ઞાનની અનુમોદના કરવાનો પણ લાભ મળશે. આપ અમારી ચાર કેટેગરી માંથી કોઈ પણ કેટેગરી પસંદ કરી શકશો.

| પ્લેટીનમ | ડાયમંડ | ગોલ્ડ | સીલ્વર |
|---|---|---|---|
| સદ્ભાવના મૂલ્ય: 25000/- | સદ્ભાવના મૂલ્ય: 20000/- | સદ્ભાવના મૂલ્ય: 15000/- | સદ્ભાવના મૂલ્ય: 10000/- |
| સવારના 8.00 કલાક | બપોરે 4.00 કલાક | રાત્રે 8.00 કલાક | રાત્રે 11.00 કલાક |
| 2 મિનિટ | 1 મિનિટ | 1 મિનિટ | 1 મિનિટ |

તમે ફક્ત ભાવના ભાવો... સદ્ભાવનાની... !

અમારા કેમેરામેન અને ટેકનીશીયનની ટીમ તમારે ત્યાં આવી તમારા પરિવારજનોનું , તમે જેમને જે મેસેજ આપવા ઇચ્છતા હશો તે મુજબનું વિડીયો શુટ કરશે, અને કાર્યક્રમના અંતે પ્રસારણ કરીશું. આપ પૂ. ગુરુદેવશ્રીની જન્મજયંતિ અને દીક્ષા જયંતિની શુભેચ્છા પણ આપી શકો છો. આપ આપના વડીલજનોના સ્મૃતિ દિને સ્નેહાંજલિ પણ અર્પણ કરી શકો છો. સદ્ભાવના દ્વારા આપની ભાવના દેશના ખૂણે ખૂણે પહોંચી જશે.

આપની પ્રસારણની તારીખ 15 દિવસ પહેલાં બુક કરાવવાની રહેશે. વહેલાં તે પહેલાંનાં ધોરણે બુકીંગ કરવામાં આવશે.

**વધુ વિગત માટે આપેલ વેબસાઈટ પર લોગ ઓન કરો**


શ્રીમતી બીનાબેન દોશી • મોબાઈલ: 9892152658 • Email: arhamyuva123@gmail.com

website: www.arham.org / www.transmediaindia.com

Webcasting: www.livestream.com/soham • Website: www.transmediaindia.com • Email: info@transmediaindia.com

# દક્ષિણ ભારતથી પૂર્વ ભારત

2009 માં કોલકત્તામાં ઐતિહાસિક અને યાદગાર ચાતુર્માસ દ્વારા જન જનના હૃદયમાં સદભાવનાના સ્પંદન જગાડનાર, અંતરને જ્ઞાન જયોતિથી પ્રજવલ્લિત કરનાર **રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ચેન્નઇના જૈન-અજૈન સમુદાયને ધર્મલાભ પમાડી, 1390 કિ.મી.નો મછલીપટ્ટનમ્, ઋષિકોંડા, જગન્નાથપૂરી આદિ ક્ષેત્રોમાં સવાર-સાંજ વિહાર કરી વેસ્ટ બેંગાલ સ્ટેટમાં પ્રવેશતાં જ કોલકત્તાના અનેક ભાવિકો વિહારમાં જોડાયાં હતાં.

દેવરાથી 52 કિ.મી.ના વિહારમાં શ્રી હર્ષદભાઇ અજમેરા, શ્રી જશવીરભાઇ શેઠ આદિ જોડાયાં હતાં. ત્યાંથી પૂ. ગુરુદેવ ઉલુબેરિયાની ઓમદયાલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ આર્કિટેકમાં પધારતાં શ્રી અમિતભાઇ પારેખે પૂ. ગુરુદેવની સેવા- વૈયાવચ્ચ સાથે કોલકત્તાથી આવેલાં 200 થી વધુ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરી હતી. ધૂલાગઢમાં શ્રી બુલબુલભાઇ શાહની ફેકટરીમાં પધારતાં આખો દિવસ કોલકત્તાના સંઘો અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

ત્યાંથી 38 કિ.મી.નો વિહાર કરી પૂ. ગુરુદેવ રીસરા શ્રી અજયભાઇ કાજરિયાની હેસ્ટીંગ જયુટ મીલમાં પધારતાં કોલકત્તાના 250 થી વધુ ભાવિકોએ આત્મ આરાધનારૂપ વન ડે શિબિરનો લાભ લીધો હતો. શિબિરાર્થીઓએ સવારના ધ્યાનથી સાંજના ભક્તિ સુધી વિવિધ આત્મિક અનુષ્ઠાનોમાં અનન્ય અનુભૂતિ કરી હતી, આત્મા વિશે જાણી આત્માનુભૂતિ કરવા ગંગા કિનારે ધ્યાનસ્થ મુદ્રામાં પ્રેકટીકલ પ્રયોગ કર્યો હતો અને આધ્યાત્મિક વિષયો પર ડીબેટ આદિ કર્યાં હતાં.

26.12.2012 નાં સવારે લીલવા સ્થા. જૈન સંઘમાં પધારતાં મહિલા મંડળની મંગલ કુંભ ધારક બહેનોએ પૂ. ગુરુદેવના વધામણા કર્યાં હતાં. મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ અને પ્રવચનમાં વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં. લીલવા સંઘમાં ભક્તામર સાધનાભવનની પ્રેરણા થતાં હર્ષ છવાયો હતો.

લીલવાથી હાવડા પધારતાં સંઘ પ્રમુખ શ્રી અશોકભાઇ સંઘવી આદિ શ્રાવકો અને મહિલામંડળની બહેનોએ સ્વાગત કર્યું હતું અને ગુરુ સત્સંગ તથા ભક્તિનો લાભ લીધો હતો.



# UPCOMING EVENTS

## રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના સાંનિધ્યે

| | |
|---|---|
| 13/01/13<br>રવિવાર<br>સવારે 9.00 કલાકે | **શિબિર**<br>માતૃ પિતૃ વંદના<br>સ્થળ: કામાણી જૈન ભવન |
| 16-17/01/13<br>બુધવાર-ગુરુવાર<br>સવારે 6.30 કલાકે | **વર્ષીતપ મહોત્સવ**<br>કળશ પ્રત્યાખ્યાન અને તપ આલોચના<br>સ્થળ: તપસમ્રાટ પટાંગણ, રિચી પાર્ક મેડોક્સ સ્કવેર,કોલકત્તા. |
| 18/01/13<br>શુક્રવાર<br>સવારે 6.30 કલાકે | **વર્ષીતપ મહોત્સવ**<br>તપ સન્માન શોભાયાત્રા<br>શ્રી નવનીતભાઇ સંઘવી પરિવારના ઉપક્રમે |
| 19/01/13<br>શનિવાર<br>સવારે 8.00 કલાકે | **વર્ષીતપ પારણા**<br>સવાસો વર્ષીતપ પારણા મહોત્સવ<br>સ્થળ: તપસમ્રાટ પટાંગણ, રિચી પાર્ક મેડોક્સ સ્કવેર, કોલકત્તા. |
| 20/01/13<br>રવિવાર<br>સવારે 7.30 કલાકે | **પારસધામ ઉદ્ઘાટન**<br>શોભાયાત્રા : માતુશ્રી નિર્મળાબેન મનસુખલાલ કામદારના નિવાસ સ્થાન<br>સ્થળ: જૈનમ ૫/૪, રામમોય રોડ, લેડીઝ પાર્ક, કોલકત્તા-૨૫ |
| 20/01/13 to<br>10/02/13<br>રવિવાર થી રવિવાર | **પૂ. ગુરુદેવની પારસધામ મધ્યે સ્થિરતા**<br>પ્રવચનમાળા સમય : 9.00-11.00 કલાકે<br>ભક્તિ - સમય : રાત્રે 8.00 કલાકે ગુરુ સ્પંદન ગ્રુપ દ્વારા |
| 25,26,27/01/13<br>શુક્રવાર થી રવિવાર<br>સાંજના 4.00-9.00 કલાકે | **આગમ એક્ઝીબીશન**<br>ભગવાન મહાવીરના ઉપકારોને અનુભવવાનો અવસર<br>સ્થળ: તપસમ્રાટ પટાંગણ, રિચી પાર્ક મેડોક્સ સ્કવેર, કોલકત્તા. |
| 08/02/13<br>શુક્રવાર<br>સવારે 9.00-12.00 કલાકે | **ગુરુ ઋણ સ્વીકાર**<br>તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની ૧૪મી પુણ્યતિથી<br>સ્થળ: કામાણી જૈન ભવન |
| 10/02/13<br>રવિવાર<br>સવારે 9.00-12.00 કલાકે | **દીક્ષા જયંતિ ઉત્સવ**<br>રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની ૨૨મી દીક્ષા જયંતિ<br>સ્થળ: કામાણી જૈન ભવન |

### આમંત્રક

### સમસ્ત કોલકત્તા સ્થાનકવાસી જૈન સંઘ

શ્રી કામાણી જૈન ભવન (ભવાનીપુર) - શ્રી ગુજરાતી શ્વે. સ્થા. જૈન સંઘ (બડાબઝાર)
શ્રી લીલવા જૈન સંઘ - શ્રી હાવડા સ્થા. જૈન સંઘ - શ્રી ટોલીગંજ સ્થા. જૈન સંઘ- પારસધામ



# પૂજ્યવરના પુનઃ આગમનથી કોલકત્તા બન્યું ભાવવિભોર...!

**મુક્ત ગગનમાં જ્યારે પૂર્ણ ચંદ્રનું આગમન થાય ત્યારે સાગરમાં સ્વયં જ ભરતી આવે. તેમ કોલકત્તામાં પૂજ્યવર ગુરુ ભગવંતના આગમનથી એક એકના હૃદયમાં ભક્તિની ભરતી આવી હતી.**

કોલકત્તાના જૈન-અજૈનમાં ભાવ, ભક્તિ અને શ્રધ્ધા જગાડી સૌના હૃદયમાં સવિશેષ સ્થાન પામનાર રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ત્રણ વર્ષ પછી પુનઃ પધારતાં એમના આગમનને વધાવવા કોલકત્તાના ભાવિકોમાં કંઇક અનેરો જ ઉત્સાહ હતો.

એક તરફ શિયાળાની ઠંડી અને એક તરફ ભાવિકોના હૃદયમાં પૂજનીય ગુરુ ભગવંતના સ્વાગતની ઉષ્મા...!! કોલકત્તાની શાન સમા હાવડા બ્રીજથી નીકળેલી સ્વાગત શોભાયાત્રામાં મંગલ કુંભ ધારક બહેનો, મયુર નૃત્ય કરતી બાલિકાઓ, ટ્રેડીશનલ ડાન્સ, જય જયનો નાદ અને વિશાળ સમુદાય શોભામાં અભિવૃધ્ધિ કરતાં હતાં. લુક એન લર્ન જૈન જ્ઞાનધામનાં બાળકોએ સ્વયંનું સ્વસ્તિક સર્જી પ્રેરણાદાતા પૂજ્યવરનું ભાવભર્યુ સ્વાગત કર્યું હતું. જ્યારે શ્વેત વસ્ત્રોમાં સજ્જ લુક એન લર્નનાં સેંકડો બાળકોએ ખૂબ જ ભાવથી સમૂહ વંદના કરી ત્યારે પૂ. ગુરુદેવ સહિત ઉપસ્થિત સમુદાયની આંખો પણ હર્ષાશ્રુથી ભીની થઈ હતી.

પૂજ્યવરનાં પુનઃ આગમનને વધાવવા પૂ. શ્રી દર્શનાબાઈ મ. ઠાણા-૨, પૂ. શ્રી વિજયાબાઈ મ. ઠાણા-૨ એવમ્ પૂ. શ્રી સંઘમિત્રાબાઈ મ. પણ ભક્તિભાવે પધાર્યાં હતાં અને શબ્દો તથા સૂરો દ્વારા સ્વાગત કર્યું હતું.

પૂ. શ્રી સ્વાતીબાઇ મ. એ આજના દિવસને સૌભાગ્યવાન ગણાવતા જણાવ્યું હતું કે, દિવ્યતા ત્યારે જ આવે જ્યારે દૈવી પુરુષનું આગમન થાય અને ભવ્યતા ત્યારે જ આવે જ્યારે તેમાં ભાવ ભળે.

આ અવસરે સમસ્ત કોલકતાના સ્થા. જૈન સંઘોના પ્રમુખ પ્રતિનિધીઓ, શ્રેષ્ઠીવર્યો, અગ્રણીઓ, અર્હમ્ યુવા ગ્રુપ, શ્રી ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ, અર્હમ્ સત્સંગ, લુક એન લર્નના બાળકો અને દીદીઓ, ગુરુ સ્પંદન ગ્રુપ અને પારસધામના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ તથા હજારો ભાવિકો સવિશેષ ભાવોની ઊર્મિ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

હાવડા બ્રીજથી પ્રારંભ થયેલી ભવ્ય સ્વાગત યાત્રા બડાબજારના નવલખા ઉપાશ્રયે પહોંચતા મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ સાથે સ્વાગત સમારોહનો પ્રારંભ થયો હતો.

શ્રી હર્ષદભાઇ શેઠે ભાવભર્યું સ્વાગત કરી, જેમનું આત્મ ચૈતન્ય જાગૃત છે એવા પૂ. ગુરુદેવશ્રીને સહુની આત્મચેતનાને વધુ પ્રકાશિત કરવાની પ્રાર્થના કરી હતી.

સંઘ પ્રમુખ શ્રી અશ્વિનભાઇ દેસાઇએ પૂ. ગુરુદેવશ્રીના પુનઃપદાર્પણ પ્રત્યે ઋણ સ્વીકારભાવ વ્યક્ત કરી ભાવભર્યું સ્વાગત કર્યું હતું.પૂર્વ પ્રમુખ શ્રી વિનયભાઇએ ભાવવિભોર થઇ પૂ. ગુરુદેવશ્રીના આગમનને વધાવ્યું હતું તો શ્રી ચંદુભાઇ માલાણી જેવા ભક્તો તો આનંદ વિભોર થઇ નાચવા જ લાગ્યા હતાં.

આ અવસરે શ્રી કામાણી જૈન ભવનના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ મોદી, ટોલીગંજ સંઘના શ્રી કીરિટભાઇ મહેતા, હાવડા સંઘના શ્રી અશોકભાઇ સંઘવીએ પોતાના સંઘમાં પધારવા અને અર્હમ યુવા ગ્રુપ તથા લુક એન લર્ન જૈન જ્ઞાનધામ શરૂ કરવાની આગ્રહભરી વિનંતિ કરી હતી.

કોલકત્તાના ભાવિકોના હૃદયભાવ અને ભક્તિની પ્રશિસ્ત કરતાં પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું કે કોલકત્તાનો પ્રેમ, લાગણી, ઉત્સાહ, આત્મિયતા અને વાત્સલ્ય એક એકની આંખોમાં અને ચહેરા પર જણાઇ રહ્યાં છે. ગુરુનું કાર્ય જ હોય સૂતેલાને જગાડવાના અને જાગેલાંને દોડતાં કરવાના...!

શ્રી હર્ષદભાઇ અજમેરાએ પૂ. ગુરુદેવશ્રીના આગમનના આયોજનને ભવ્ય બનાવવામાં તન, મન, ધનથી સાથ અને સહકાર આપનાર સર્વનો આભાર માન્યો હતો.

# ફરી એકવાર કોલકત્તામાં...!!!

















૧. ત્રણ વર્ષ પછી ફરી... એ જ હાવડા બ્રીજ અને એ જ કોલકત્તાની ભક્તિ. ૨. પ્રેરણાદાતા પૂજ્યવરના આગમનની ખુશી... મયુર નૃત્ય દ્વારા અભિવ્યક્તિ. ૩. આપ શાતામાં ! અમે આપનું સ્વાગત કરીએ છીએ. ૪. પધારો... ગુરુદેવ... પધારો... મંગલકુંભ દ્વારા આપને વધાવીએ. ૫. બંગાળની ભૂમિ પર... બંગાળી નૃત્ય દ્વારા સ્નેહભર્યું સ્વાગત. ૬. લુક એન લર્નના બાળકોની સમૂહ વંદનાએ કર્યા સહુને અશ્રુભીના. ૭. કોલકત્તામાં પ્રથમ પ્રવચન સભામાં ખીચોખીચ નવલખા ઉપાશ્રય.

Registred with Registrar of Newspapers under RNI NO. MAHGUJO/2009/44173
Postal Registration No. MH/MR/NE/141/2012-14 Published on 5th of every month
PRANPUSHPA - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-01-2013







ગોંડલ સંપ્રદાયના રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.
2009 નું કોલકત્તાનું ભવ્ય ચાતુર્માસ ક્ર્યા બાદ ફરી એકવાર કોલકત્તા પધારતાં સમસ્ત કોલકત્તાના
જૈન સંઘોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કરેલ. સ્વાગત યાત્રા હાવડા બ્રીજથી સ્ટાર્ટ થઈને બડાબજાર સ્થા. જૈન સંઘના નવલખા ઉપાશ્રયે
પહોચતાં સમસ્ત જૈન સંઘના શ્રી વિનયભાઇ શાહ, સંઘ પ્રમુખ શ્રી અશ્વિનભાઈ દેસાઈ, કામાણી જૈન સંઘના શ્રી પ્રફુલ્લભાઈ મોદી, ટોલીગંજ સંઘના
શ્રી કીરિટભાઇ મહેતા, હાવડા સંઘના શ્રી અશોકભાઇ સંઘવી, શ્રી ચંદુભાઈ માલાણી, શ્રી હર્ષદભાઇ અજમેરા, શ્રી જશવીરભાઇ શેઠ આદિએ સ્વાગત કરેલ.

Printed & Published by JAY NAVINCHANDRA DESAI on behalf of UVASSAGHARAM SEWA MANDAL,
Printed at ACCURATE GRAPHICS PVT. LTD. 15-A Samrat Mill Compound, Near Asha Usha Bus Stop, L. B. S Marg, Vikhroli (W), Mumbai - 400 079.
Published from Parasdham, Vallabaug Lane, Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077. Editor : JAY NAVINCHANDRA DESAI.